RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 404 Dt. 20-08-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# NEETની સિસ્ટમ ફૂલપ્રૂફ, તોડવી મુશ્કેલ

## સુપ્રીમ કોર્ટમાં સરકારનો જવાબઃ SCએ કહ્યું- UPSC જેવી સિસ્ટમ બનાવો

નવી દિલ્હી, તા.૧૯

સરકારે બુધવારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે NEET પરીક્ષા સિસ્ટમ સંપૂર્ણપણે સુરક્ષિત છે. તેમાં ઘૂસણખોરી કરવી મુશ્કેલ છે. પેપર તૈયાર કરવાથી લઈને પરીક્ષા કેન્દ્રમાં પહોંચાડવા સુધીની સમગ્ર પ્રક્રિયાને અત્યંત ગુપ્ત રાખવામાં આવે છે.બીજી તરફ, સુપ્રીમ કોર્ટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ને UPSC જેવી મજબૂત પરીક્ષા સિસ્ટમ બનાવવાનું કહ્યું. કોર્ટે જણાવ્યું કે નવી ટેકનોલોજી સમજતા અધિકારીઓને સામેલ કરવા જોઈએ. સાથે જ અનુભવી અધિકારીઓની વારંવાર બદલી ટાળવાની સલાહ આપી.જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ આલોક આરાધેની બેન્ચે યુનાઈટેડ ડોક્ટર્સ ફ્રન્ટ, FAIMA અને અન્યની અરજીઓ પર સુનાવણી કરી. જેમાં NTA ને ભંગ કરવા અને પેપર લીક રોકવા માટે મજબૂત દેખરેખ સિસ્ટમની માગ કરવામાં આવી છે.

કોર્ટે કહ્યું કે કાગળ પર પ્રક્રિયા સારી દેખાઈ શકે છે, પરંતુ સાચો પડકાર એ સુનિશ્ચિત કરવાનો છે કે એક પરીક્ષા પછી આગામી પરીક્ષા સુધી વ્યવસ્થામાં તે જ નબળાઈઓ ફરી ન આવે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે NTA એ UPSC ની જેમ એક મજબૂત સિસ્ટમ બનાવવી જોઈએ, જેમાં પરીક્ષા કરાવવાનો અનુભવ અધિકારીઓના ટ્રાન્સફર થયા પછી પણ સંસ્થા પાસે જળવાઈ રહે.

ઘણા મોડરેટર (સબ્જેક્ટ એક્સપર્ટ) પ્રશ્નબેંક બનાવે છે. પછી ૧૦૦-૧૦૦ પ્રશ્નો પસંદ કરીને ૪ અલગ પેપર તૈયાર થાય છે. તેમાંથી ૨ પેપર ગઝઅ મહાનિર્દેશક પસંદ કરે




છે. કોઈને પણ અગાઉથી ખબર હોતી નથી કે અંતિમ પેપર કયું હશે.૧૩ ભાષાઓમાં પ્રશ્નબેંકઃ ૫૦૦ પ્રશ્નોની પ્રશ્નબેંક ૧૩ ભાષાઓમાં તૈયાર થાય છે. ટ્રાન્સલેશન નિષ્ણાતો કરે છે.૨ પ્રિન્ટિંગ પ્રેસમાં છપાય છે પેપરઃ પેપર સીલબંધ કવરમાં બે નિર્ધારિત પ્રિન્ટિંગ પ્રેસમાં મોકલવામાં આવે છે. ત્યાં CCTV અને CISFની દેખરેખ રહે છે. પ્રિન્ટરને પણ ખબર હોતી નથી કે પેપર કઈ પરીક્ષાનું છે.ડિજિટલ ચાવી અને કોડથી બોક્સ ખુલે છેઃ પેપર લઈ જનાર વ્યક્તિ પાસે ડિજિટલ ચાવી હોય છે, પરંતુ બોક્સ ખોલવાનો કોડ તેની પાસે હોતો નથી. આ કોડ NTA મહાનિર્દેશકની પરવાનગીથી આપવામાં આવે છે. પેપર લોખંડના બોક્સમાં રાખવામાં આવે છેઃ પેપર એવા લોખંડના બોક્સમાં રાખવામાં આવે છે, જેને બંધ કર્યા પછી લોક તોડ્યા વિના ખોલી શકાતું નથી.દરેક પેકેટમાં અલગ ક્રમના પેપર ૨૪ પેપરના પેકેટમાં પ્રશ્નોનો ક્રમ અલગ-અલગ હોય છે. પેકેટ પર વોટરમાર્ક નંબર, શહેર, કેન્દ્ર અને પેકેટ નંબર નોંધાયેલ હોય છે.

પેપર સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવે છે પેપરના બે સેટ અલગ-અલગ બેંકોના સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવે છે. આખી પ્રક્રિયાની વીડિયોગ્રાફી થાય છે અને સંબંધિત અધિકારીઓ હસ્તાક્ષર કરે છે. બેંકથી પરીક્ષા કેન્દ્ર સુધી પેપર લઈ જતી ગાડીમાં જીપીએસ લગાવેલું હોય છે. તેની નાનીમાં નાની ગતિવિધિ રેકોર્ડ થાય છે. પોલીસ સુરક્ષામાં પેપર કેન્દ્ર સુધી પહોંચે છે. પરીક્ષા પહેલા બોક્સ ખોલવામાં આવે છેઃ પરીક્ષા શરૂ થવાના થોડા કલાકો પહેલા ૨ વિદ્યાર્થીઓની હાજરીમાં બોક્સ ખોલવામાં આવે છે. તેની વીડિયોગ્રાફી પણ થાય છે.. ૨૪ વિદ્યાર્થીઓ માટે અલગ પેકેટઃ દરેક વર્ગના ૨૪ વિદ્યાર્થીઓ માટે અલગ પેકેટ હોય છે. વર્ગ સંયોજક આ પેકેટ વિદ્યાર્થીઓને આપે છે અને વિદ્યાર્થીઓ પોતે તેને ખોલે છે.કેન્દ્ર સરકારે ૨૨ જૂન ૨૦૨૪ના રોજ પૂર્વ ઈસરો ચીફ કે. રાધાકૃષ્ણનની અધ્યક્ષતામાં એક નિષ્ણાત સમિતિની રચના કરી હતી. સમિતિએ ગઝઅની પરીક્ષામાં જરૂરી સુધારા, પેપર લીક અને અન્ય ગેરરીતિઓ પર ૧૦૧ ભલામણો કરી હતી.

## બાંગ્લાદેશમાં અલ-કાયદાના આતંકી હારૂન ઈજ્જહારની ખુલ્લી ધમકીથી ભારે ખળભળાટ

# હિન્દુઓને આસાનીથી મારી શકાય

નવી દિલ્હી, તા.૧૯

બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન બાદ લઘુમતીઓ, ખાસ કરીને હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારો વચ્ચે એક અત્યંત ચોંકાવનારો અને ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર સલામતી સમિતિ (UNSC) એ બાંગ્લાદેશમાં અલ-કાયદાના વધતા પ્રભાવ અને કટ્ટરવાદ અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરી છે. આ જ પરિસ્થિતિ વચ્ચે, અલ-કાયદા સાથે સંકળાયેલા કટ્ટરવાદી હારૂન ઈજ્જહારે હિન્દુઓને ખુલેઆમ ધમકી આપતો એક વીડિયો વાયરલ કર્યો છે, જેણે સુરક્ષા એજન્સીઓની ઊંઘ હરામ કરી દીધી છે.



મળતી માહિતી મુજબ, 'દાવા મુવમેન્ટ' (Dawah Movement) નામના એક કાર્યક્રમમાં હારૂન ઈજ્જહારે લઘુમતીઓને નિશાન બનાવતા અત્યંત ભડકાઉ નિવેદનો આપ્યા છે. તેણે વીડિયોમાં ખુલ્લેઆમ કહ્યું છે કે, ''હિન્દુઓને તો આસાનીથી મારી શકાય છે.'' વધુમાં તેણે એવું પણ ઝેર ઓક્યું કે, ''કદાચ આપણે તેમને મારવાની જરૂર જ નહીં પડે, કારણ કે તેમના લોકો જ તેમના માટે પૂરતા છે.'' આ વીડિયોના વાયરલ થયા બાદ બાંગ્લાદેશમાં રહેતા હિન્દુઓમાં ભયનો માહોલ છે.

બાંગ્લાદેશમાં પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને સત્તા પરથી દૂર કરી દેશ છોડવા મજબૂર કરવા પાછળ કટ્ટરવાદી ઈસ્લામિક તત્ત્વોનો જ મોટો હાથ હોવાનું હવે સ્પષ્ટ થઈ રહ્યું છે. સત્તાપલટા બાદ લઘુમતીઓ પર હુમલાની એક નવી પેટર્ન ઊભી થઈ રહી છે, જેમાં હિન્દુ વિરોધી પરિબળો વધુ બળવત્તર બની રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે હારૂન ઈજ્જહારની ખુલ્લી ધમકી દર્શાવે છે કે કટ્ટરપંથીઓ બાંગ્લાદેશને આતંકવાદી પ્રવૃત્તિઓનું નવું કેન્દ્ર બનાવવા માંગે છે.

સંયુક્ત રાષ્ટ્રની 'વિશ્લેષણાત્મક સહાયતા એવં પ્રતિબંધ નિગરાની' ટીમ દ્વારા તાજેતરમાં રજૂ કરાયેલા ૩૮મા રિપોર્ટમાં દક્ષિણ એશિયાની સુરક્ષા અંગે ગંભીર ચેતવણી આપવામાં આવી છે. રિપોર્ટના નિષ્કર્ષ મુજબભારતીય ઉપખંડમાં સક્રિય અલ-કાયદા (અચઈજ) હવે બાંગ્લાદેશને પોતાનો મુખ્ય આધાર બનાવીને ત્યાં નવા આતંકવાદી 'સ્લીપર સેલ' સ્થાપવા માંગે છે.જો કટ્ટરપંથીઓ તેમના મનસૂબામાં સફળ રહેશે, તો બાંગ્લાદેશ પડોશી દેશોમાં આતંકવાદ ફેલાવવા માટેનું સૌથી અનુકૂળ અને સલામત લોન્ચિંગ પેડ બની જશે, જે ભારત સહિત સમગ્ર ઉપખંડ માટે મોટો ખતરો છે.

## કાશ્મીરની મુલાકાતે આવેલા યુએસ એમ્બેસેડર સર્જિયો ગોરનું નિવેદન

# જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ



નવી દિલ્હી, તા.૧૯

અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે જમ્મુ-કાશ્મીરની મુલાકાત લીધી. તેમણે કહ્યું કે અમેરિકા કાશ્મીર માટેની ટ્રાવેલ એડવાઇઝરી હળવી કરવા વિચારશે. ગોરે મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે બેઠક કરી. કલમ ૩૭૦ નાબૂદી પછી કોઈ અમેરિકન રાજદૂતની આ પ્રથમ મુલાકાત છે, જે ભારતની વિદેશ નીતિમાં પરિવર્તન સૂચવે છે.

'અમેરિકાએ જમ્મુ-કાશ્મીર માટે અમલમાં મૂકેલી કડક 'ટ્રાવેલ એડવાઇઝરી'ને હળવી કરવા અમે વિચારણા કરીશું. આ કેન્દ્રશાસિત પ્રદેશ એટલે કે કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે.' અમેરિકાના નવનિયુક્ત એમ્બેસેડર(રાજદૂત) સર્જિયો ગોરે જમ્મુ-કાશ્મીરના તેમના પ્રથમ પ્રવાસમાં જ આ નિવેદન કર્યું હતું. આ નિવેદન સાબિત કરે છે કે, ભારત માટે અમેરિકાની વિદેશ નીતિમાં ધરખમ પરિવર્તન આવ્યું છે.

કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ અને પહેલગામ હુમલા પછી કોઈ અમેરિકન રાજદૂતે પહેલીવાર કાશ્મીરની મુલાકાત લીધી છે. આ મુલાકાત દરમિયાન તેમણે જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે પણ બેઠક કરી હતી. શ્રીનગર પહોંચીને ગોરે કહ્યું કે, 'અહીં આવીને મને ખૂબ આનંદ થયો. આ ભારતનો એક અત્યંત મહત્ત્વનો ભાગ છે અને હું પહેલીવાર અહીં આવ્યો છું. આ ખૂબ જ સુંદર જગ્યા છે.'

પાકિસ્તાન તરફથી સતત થતી ઘૂસણખોરી અને નાપાક હિલચાલ વચ્ચે અમેરિકન રાજદૂતનું આ નિવેદન ભારત માટે એક મોટો નૈતિક વિજય માનવામાં આવે છે. અમેરિકન રાજદૂતનો આ પ્રવાસ ભારત અને અમેરિકા વચ્ચે મજબૂત થઈ રહેલા વ્યૂહાત્મક સંબંધોનો પુરાવો છે. તાજેતરમાં જ ગોરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે પણ કાઉન્ટર-ટેરરિઝમ (આતંકવાદ વિરોધી) મુદ્દા પર ચર્ચા કરી હતી. આ મુલાકાત કેટલાક કારણોસર ઐતિહાસિક છે, જેમ કે છેલ્લા ૧૫ વર્ષમાં પહેલીવાર એવું બન્યું છે કે કોઈ હોદ્દા પર રહેલા અમેરિકન રાજદૂતે જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી હોય. આ પહેલાં ૨૦૧૧ માં તત્કાલીન એમ્બેસેડર ટિમોથી રોમરે ઓમર અબ્દુલ્લા સાથે મુલાકાત કરી હતી.

# ખારકીવમાં રશિયાનો હુમલો : ૧૦ મોત

## દુકાનો, કાફે, પોસ્ટ ઓફિસ અને અનેક ઈમારતો ધ્વસ્ત અને ૧૭ ઘાયલ ; ઝેલેન્સ્કી

નવી દિલ્હી, તા.૧૯

યુક્રેનના ખારકીવમાં રશિયાએ મિસાઇલ હુમલો કરતાં ૧૦ લોકોના મોત થયા છે અને ૧૭ ઘાયલ થયા છે. રશિયન સેનાએ પેચેનીહી ગામના વ્યસ્ત ચાર રસ્તાને નિશાન બનાવ્યો, જ્યાં દુકાનો, કાફે અને પોસ્ટ ઑફિસ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થયા. રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ વળતો જવાબ આપવાની ચેતવણી આપી. આ હુમલામાં બેન્ડેરોલ ક્રૂઝ મિસાઇલનો ઉપયોગ થયો હોવાની આશંકા છે.

યુક્રેનના ઉત્તર-પૂર્વીય ખારકીવ વિસ્તારમાં રશિયા દ્વારા કરવામાં આવેલા ભીષણ મિસાઇલ હુમલામાં ઓછામાં ઓછા ૧૦ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે અન્ય ૧૭ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. રશિયાએ પેચેનીહી ગામના મધ્ય ભાગને નિશાન બનાવીને આ હુમલો કર્યો હતો, જ્યાં રહેણાંક મકાનોની આસપાસ આવેલી દુકાનો, કાફે અને પોસ્ટ ઑફિસ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયા છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી એ સોશિયલ મીડિયા



પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું કે, રશિયન સેનાએ સવારના સમયે પેચેનીહી ગામના એક વ્યસ્ત ચાર રસ્તાને નિશાન બનાવ્યો હતો. આ વિસ્તારમાં રહેણાંક મકાનો ઉપરાંત પોસ્ટ ઑફિસ અને અનેક દુકાનો આવેલી હતી. તેમણે હુમલા બાદની તસવીરો પણ શેર કરી હતી, જેમાં ક્ષતિગ્રસ્ત ઈમારતો, આગની લપેટમાં આવેલાં વાહનો અને ઘાયલોને સ્ટ્રેચર પર લઈ જતા બચાવકર્મીઓ જોવા મળે છે.

આ ઘાતક હુમલા બાદ રાષ્ટ્રપતિએ આકરી પ્રતિક્રિયા આપતાં સ્પષ્ટ કર્યું હતું કે યુક્રેન આ હુમલાનો યોગ્ય જવાબ જરૂર આપશે. ખારકીવ ક્ષેત્રના ગવર્નર ઓલેહ સિનીહુબોવના જણાવ્યા અનુસાર, મિસાઇલ હુમલામાં ૧૭ લોકો ઘાયલ થયા છે. આ ઉપરાંત ૧૦ ખાનગી મકાનો, એક કાફે, એક પોસ્ટ ઑફિસ, એક દુકાન અને ઓછામાં ઓછાં ૭ વાહનોને ભારે નુકસાન પહોંચ્યું છે. ઘટનાસ્થળે ઈમરજન્સી ટીમોએ પહોંચીને કાટમાળમાંથી લોકોને બહાર કાઢવા માટે બચાવ કામગીરી શરૂ કરી દીધી છે.યુક્રેનના પ્રોસિક્યુટર જનરલની કચેરીના પ્રાથમિક અહેવાલો મુજબ, રશિયાએ આ હુમલા માટે બે નાની બેન્ડેરોલ ક્રૂઝ મિસાઇલોનો ઉપયોગ કર્યો હતો. આ મિસાઇલો સીધી ગામના કેન્દ્રિય ભાગમાં આવીને પડી હતી.

## વૃદ્ધ માતા-પિતાનું અપમાન કરનાર સંતાનો માટે લાલબત્તી

# સંપત્તિમાંથી સંતાનોને બેદખલ કરવાનો માં-બાપને અધિકાર

### સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો : વૃદ્ધ માતા-પિતાને હક્ક : સુપ્રીમ કોર્ટની સ્પષ્ટતા : વધતી ઉંમરનો અર્થ અસુરક્ષા કે અપમાન નથી, દરેકને ગરિમા સાથે જીવવાનો હક છે' : અલ્હાબાદ હાઈકોર્ટનો આદેશ રદ કરાયો

નવી દિલ્હી, તા.૧૯

વૃદ્ધાવસ્થામાં માતા-પિતાને તરછોડી દેતા કે હેરાન કરતા સંતાનો માટે સુપ્રીમ કોર્ટે બુધવારે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, વરિષ્ઠ નાગરિકો (વૃદ્ધ માતા-પિતા) પોતાના બાળકોને પોતાની સંપત્તિમાંથી સંપૂર્ણપણે બેદખલ કરી શકે છે.

કોર્ટે આ ચુકાદામાં અલ્હાબાદ હાઈકોર્ટના એ આદેશને પણ ફગાવી દીધો હતો, જેમાં દીકરા અને પુત્રવધૂને મકાનમાંથી કાઢી મૂકવાના ટ્રિબ્યુનલના આદેશને રદ કરવામાં આવ્યો હતો. જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને જસ્ટિસ આલોક અરાધેની ખંડપીઠે સુનાવણી કરતા જણાવ્યું હતું કે, વૃદ્ધોની ગરિમા અને સન્માન જાળવવા માટે ટ્રિબ્યુનલ પાસે સંતાનોને સંપત્તિમાંથી બહાર કાઢવાનો આદેશ આપવાનો પૂરો અધિકાર છે. કોર્ટે કડક શબ્દોમાં કહ્યું હતું કે, ''વધતી ઉંમરનો અર્થ અસુરક્ષા કે અપમાન ન હોવો જોઈએ. દરેક વ્યક્તિને જીવનભર ગરિમા સાથે જીવવાનો અધિકાર છે. સભ્ય સમાજનું સ્તર એ વાતથી નક્કી થાય છે કે તે પોતાના વૃદ્ધોને કેટલી ગરિમા, સન્માન અને સુરક્ષા પ્રદાન કરે છે.''

આ ઐતિહાસિક ચુકાદો લખનઉના વિકાસ નગર સ્થિત એક રહેણાંક મકાનના માલિક રવિકાંત ગુપ્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર આવ્યો છે. આ કિસ્સામાં રવિકાંત ગુપ્તાની ૮૧ વર્ષીય માતાને કથિત રીતે જબરદસ્તીથી



વૃદ્ધાશ્રમમાં મોકલી દેવામાં આવ્યા હતા. આ ઘટના બાદ રવિકાંત ગુપ્તાએ ૫ જૂન ૨૦૨૨ના રોજ જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ 'માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ-૨૦૦૭' હેઠળ પોતાના દીકરાને સંપત્તિમાંથી બેદખલ કરવાની માંગ કરી હતી.

સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (જઉખ) એ ૧૫ નવેમ્બર ૨૦૨૨ના રોજ તપાસમાં નોંધ્યું કે, વિવાદિત સંપત્તિ રવિકાંત ગુપ્તાની 'સ્વ-ઉપાર્જિત' (પોતે કમાયેલી) છે. દીકરાએ પોતાની જ દાદીને ઘરમાં રહેવાની પરવાનગી આપી ન હતી અને ઘરમાં ઉપદ્રવ મચાવ્યો હતો. આ કારણોસર જઉખ અને જિલ્લા મેજિસ્ટ્રેટે દીકરા અને તેની પત્નીને સંપત્તિમાંથી બેદખલ કરી, મકાનનો કબ્જો રવિકાંત ગુપ્તાને સોંપવાનો આદેશ આપ્યો હતો. જોકે, દીકરા અને પુત્રવધૂએ આ આદેશને અલ્હાબાદ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. હાઈલાઈટ બોક્સઃ સુપ્રીમ કોર્ટે કેમ રદ કર્યો હાઈકોર્ટનો આદેશ? અલ્હાબાદ હાઈકોર્ટે અગાઉના એક ચુકાદાનો હવાલો આપીને એવું તારણ કાઢ્યું હતું કે, અધિકારીઓ પાસે બેદખલીનો આદેશ પાસ કરવાનો અધિકાર નથી. તેથી હાઈકોર્ટે જઉખ અને જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશો રદ કર્યા હતા. પરંતુ જ્યારે મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો, ત્યારે સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને ગેરવ્યાજબી ઠેરવ્યો હતો. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, ''હાઈકોર્ટે ટ્રિબ્યુનલના બેદખલીના આદેશમાં હસ્તક્ષેપ કરીને મોટી ભૂલ કરી છે. આ એક સ્થાપિત કાયદો છે કે, વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ અને સંરક્ષણના ઉદ્દેશ્યથી ટ્રિબ્યુનલને બેદખલીનો આદેશ આપવાનો પૂર્ણ અધિકાર છે.''









## પોલીસ રાઈડિંગ ક્લબમાં અશ્વસવારી શીખવા યુવાનોની પડાપડી

# શોખ નહીં, સ્વાસ્થ્યનો ખજાનો અશ્વસવારી!

### હોર્સ રાઈડિંગના શોખીનોમાં અદભુત ઉત્સાહઃ બેઝિક અને એડવાન્સ કોર્સ હાઉસફૂલ, તાલીમ માટે લાંબુ વેઈટિંગ : સાહસ અને આત્મવિશ્વાસ વધવાની સાથે મેદસ્વિતામાંથી પણ મુક્તિ આપતી અશ્વસવારી

રાજકોટ, તા.૧૯

સવાર પડે એટલે અનેક ફિટનેસ-લવર્સ જીમ, ગાર્ડન કે ગ્રાઉન્ડમાં પહોંચી જાય છે, પરંતુ રંગીલા રાજકોટમાં હવે કેટલાક ફિટનેસ પ્રેમીઓ એવા છે, જેમનો સૂર્યોદય 'અશ્વ' પર થાય છે! આ લોકો સૂર્ય ઉગે તે પહેલાં જ રાજકોટમાં પોપટપરા ખાતે આવેલી, સૌરાષ્ટ્ર-કચ્છની અશ્વ તાલીમ શાળા - સ્વ. આર.ડી. ઝાલા પોલીસ હોર્સ રાઈડિંગ ક્લબ (પોલીસ હોર્સ રાઈડિંગ સ્કૂલ)માં પહોંચી જાય છે અને પોતાની મનપસંદ ઘોડેસવારી શરૂ કરી દે છે. જ્યારે સૂર્યોદય થાય ત્યાં સુધીમાં તો તેઓનું રાઈડિંગ અડધું પૂર્ણ પણ થઈ ગયું હોય છે. પોલીસ અને પબ્લિક વચ્ચે સંબધો વધે અને સંબંધો કેળવાય તે હેતુથી ડી.જી.ના આદેશથી હોર્સ રાઈડીંગ કલબ ચાલી રહી છે.

રાજકોટ રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાય, જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર તેમજ નાયબ પોલીસ અધિક્ષક વી. જે. વ્યાસના સીધા માર્ગદર્શન હેઠળ, રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા સ્વ. આર.ડી. ઝાલા હોર્સ રાઈડિંગ કલબના બી.ડી. જાડેજા તેમજ ગુજરાત અશ્વ તાલીમ શાળાનું અત્યંત સુચારું સંચાલન કરવામાં આવે છે. યુનિટના પોલીસ ઈન્સ્પેક્ટર વાય. બી. સરવૈયાએ રાજકોટ મિરર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેઓની દેખરેખ હેઠળ નાગરિકો માટે બે પ્રકારના કોર્સ ચાલે છે.

જેમાં ત્રણ મહિનાના બેઝિક તાલીમમાં ઘોડા પાસે જવાથી લઈને તેના પર સવારી કરવા ઉપરાંત તેના પર સામાન કઈ રીતે લગાડવો વિગેરે પ્રાથમિક સમજ આપવામાં આવે છે. એટલે જાનવર ચલાવતા અને કંટ્રોલ કરતા શીખી જાય છે. આવા કોર્ષમાં ૫૦થી ૬૦ લોકોના એડમીશન હોય છે. તેમજ બીજા ત્રણ મહિનાના એડવાન્સ કોર્ષમાં ૨૦થી ૩૦ લોકો હોય છે. જેમાં વોકિંગ, ટ્રોટિંગ (મધ્યમ ગતિ), અને કેન્ટરિંગ (ઝડપી દોડ) વગેરેની પ્રોફેશનલ તાલીમ આપવામાં આવે છે. ૧૪ વર્ષ કે તેથી મોટી વયની કોઈ પણ સ્વસ્થ વ્યક્તિ આ તાલીમ લઈ શકે છે. જુલાઈ માસમાં શરૂ થયેલી નવી બેચ ફુલ થઈ ગઈ છે અને ૧૧૦ જેટલા લોકોનું વેઈટિંગ ચાલી રહ્યું છે. જેમાં રાજકોટના નામાંકિત ડોક્ટર્સ, ઉદ્યોગપતિઓ અને યુવાનોનો મોટો વર્ગ સામેલ હોવાનું તેઓએ જણાવ્યું હતું.

### વજન ઘટાડવા માટે ઉત્તમ 'ફુલ-બોડી વર્કઆઉટ' : અશ્વ સવારી મહત્ત્વની

અશ્વ એ માત્ર પ્રાણી નથી, પણ શક્તિનું પ્રતીક અને સ્ટેટ્સ સિમ્બોલ છે. ટેક્સાસ એ એન્ડ એમ યુનિવર્સિટીના એક અભ્યાસ (""Health Benefits of Horseback Riding"") અનુસાર, ઘોડેસવારી એક ઉત્તમ કાર્ડિયોવાસ્ક્યુલર કસરત છે. અશ્વસવારીમાં સામાન્ય ચાલ (30 મિનિટ)માં અંદાજે ૧૨૦ થી ૧૫૦ કેલેરી બર્ન થાય છે.ટ્રોટિંગ / મધ્યમ ગતિ (30 મિનિટ)માં અંદાજે ૨૦૦ થી ૨૪૦ કેલેરી બર્ન થાય છે. તેમજ કેન્ટરિંગ / ઝડપી દોડ (30 મિનિટ)માં ૨૭૦ થી 3૫૦ કરતાં વધુ કેલેરી વપરાય છે. 30 મિનિટની સક્રિય સવારી એટલી જ ઊર્જા વાપરે છે જેટલી અડધો કલાક સાઈકલ ચલાવવાથી કે દોડવાથી બર્ન થાય.

### શારીરિક-માનસિક સ્વાસ્થ્યના ફાયદા

અશ્વસવારીથી થતા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યના ફાયદા વર્ણવતા યુનિટના પીઆઈ વાય.બી. સરવૈયા દ્વારા રાજકોટ મિરર સાથ એ વાતનો પણ ફોડ પડાયો હતો કે, અશ્વ સવારીથી ઘોડેસ્વારને શારીરિક, માનસિક સ્વાસ્થ્યના અઢળક ફાયદા થાય છે. ખાસ કરીને સંતુલન જાળવવા આખા શરીરના સ્નાયુઓનો સતત ઉપયોગ થતો હોવાથી સ્નાયુઓની અકલ્પનીય મજબૂતીનો અહેસાસ થાય છે. આશ્વની ગતિ સાથે તાલ મિલાવવા પેટ અને લોઅર બેકના સ્નાયુઓ સક્રિય રહેતા હોવાથી મેદસ્વિતા દૂર કહે છે એટલે કે પેટની ચરબીમાં ઘટાડો થાય છે.સાથળના અંદરના ભાગના સ્નાયુઓ પર દબાણ આવવાથી લોઅર બોડી ટોન થાય છે અને શરીરમાં લીન મસલ માસ વધે છે એ કારણે મેટાબોલિક રેટમાં વધારો થાય છે. પ્રકૃતિની વચ્ચે જીવંત પ્રાણી સાથેનો તાલમેલ મગજમાં એન્ડોર્ફિન (હેપ્પી હોર્મોન્સ) મુક્ત કરે છે, જે માનસિક તણાવ ઘટાડીને આત્મવિશ્વાસ વધારે છે. પરિણામે પ્રત્યેક અશ્વસવાર માનસિક શાંતિની અનુભૂતિથી સદાય ખુશ રહે છે.

### ૧૪ વર્ષ કે તેનાથી મોટી વયની કોઈપણ સ્વસ્થ વ્યક્તિ અશ્વસવારી શીખી શકે

સામાન્યતઃ અશ્વસવારીમાં કોણ જોડાઈ શકે ? કેવા વ્યક્તિ માટે તમામ રીતે અશ્વ સવારી ફળદાયી બને અને મહાત્મ કોણ લાભ લઈ રહ્યું છે અશ્વસવારીનો ? વિગેરે પ્રશ્નોના ઉત્તર આપતા પીઆઈ સરવૈયા દ્વારા વિગતો અપાઈ હતી કે, એક બેચમાં સરેરાશ 30થી ૪૦ લોકો હોય છે. જેમાંથી ૫૦ ટકા તો યંગસ્ટર્સ હોય છે. ૧૪ વર્ષ કે તેનાથી મોટી વયની કોઈપણ સ્વસ્થ વ્યક્તિ અશ્વસવારી શીખવા માટે અરજી કરી શકે છે. ક્રેઝ એવો છે કે, નવી બેચ શરૂ થાય ત્યારે તુરંત ફુલ થઈ જાય છે. તમામને તક મળે તે માટે અહીં વેઈટિંગ રજિસ્ટર નિભાવવામાં આવે છે. વર્તમાન સમયમાં ૧૧૦નું વેઈટિંગ છે. રાજકોટના ડોક્ટર્સ, ઉદ્યોગપતિઓ, બિઝનેસમેન્સ બધી શ્રેણીના લોકો હોર્સ રાઈડિંગ શીખવા આવતા હોવાનું તેઓએ જણાવ્યું હતું.

# બિન અનામત છાત્રો માટે વિદેશ અભ્યાસ લોનની વધારાઈ વાર્ષિક આવક મર્યાદા

### ૬ લાખથી વધારી ૧૦ લાખ કરાઈ : મધ્યમ વર્ગ માટે મોટી રાહત



ગાંધીનગર, તા.૧૯

વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાની ઇચ્છા ધરાવતા ગુજરાતના બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે મહત્વનો અને વિદ્યાર્થીલક્ષી નિર્ણય લીધો છે. ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળ અમલમાં રહેલી 'વિદેશ અભ્યાસ લોન યોજના'માં પરિવારની વાર્ષિક આવકની મહત્તમ મર્યાદા ૬ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવી છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અને રાજ્ય મંત્રી ડો. મનીષાબેન વકીલના નેતૃત્વ હેઠળ વિભાગ દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી અગાઉ આવક મર્યાદાને કારણે યોજનાનો લાભ મેળવી શકતા ન હોય, તેવા અનેક વિદ્યાર્થીઓ હવે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન સહાય મેળવવા પાત્ર બની શકશે.

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે અભ્યાસની ફી, રહેવા-જમવા સહિતના વિવિધ ખર્ચને પહોંચી વળવા શૈક્ષણિક લોન મહત્વપૂર્ણ સહારો બની શકે છે. અત્યાર સુધી 'વિદેશ અભ્યાસ લોન યોજના'માં લાભ મેળવવા માટે વિદ્યાર્થીના પરિવારની વાર્ષિક આવકની મહત્તમ મર્યાદા ૬ લાખ હતી. હવે રાજ્ય સરકારે આ આવક મર્યાદામાં ૪ લાખનો વધારો કરીને તેને ૧૦ લાખ કરી છે એટલે કે, હવે ૧૦ લાખ સુધીની વાર્ષિક કૌટુંબિક આવક ધરાવતા બિન અનામત વર્ગના પાત્ર વિદ્યાર્થીઓ પણ આ યોજનાનો લાભ મેળવી શકશે.

આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે આર્થિક રીતે મધ્યમ આવક ધરાવતા પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓ માત્ર આવક મર્યાદાના કારણે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાની તકથી વંચિત ન રહે. વિદેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાથી વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરની શિક્ષણ પદ્ધતિ, આધુનિક ટેક્નોલોજી, સંશોધન અને આંતરરાષ્ટ્રીય અનુભવ મેળવવાની તક મળે છે. આવા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પોતાની કારકિર્દીને નવી ઊંચાઈએ લઈ જઈ શકે છે અને શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ગુજરાત તથા દેશના વિકાસમાં પણ યોગદાન આપી શકે છે. આથી, આવક મર્યાદામાં કરાયેલો આ વધારો 'વધુ વિદ્યાર્થીઓને તક અને વધુ યુવાનોને વૈશ્વિક શિક્ષણ' તરફનું મહત્વપૂર્ણ પગલું બની શકે છે તેવું સરકારનું માનવું છે.

# જનપ્રતિનિધિઓ 'લોકસેવક' બને : ડો.માંડવીયા

### અતિવૃષ્ટિમાં ૧૦ હજાર કરોડનું પેકેજ જાહેર કરી રાજ્ય સરકાર ખેડૂતોની પડખે હતીઃ કેન્દ્રીય મંત્રી : આયુષ્યમાન કાર્ડ રિન્યૂ કરવા રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિશેષ ઝુંબેશ શરૂ : ડો. ઓમ પ્રકાશ : રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા જામકંડોરણા, ગોંડલ ખાતે પંચાયતી રાજ સંસ્થાઓના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો

રાજકોટ, તા.૧૯

રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના માર્ગદર્શન સેમિનારમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ સભ્યોને 'લોકસેવક' બનીને શ્રેષ્ઠ વહીવટ અને કામગીરી કરવા પ્રેરણા આપી હતી.

રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા આજે જામકંડોરણા તથા ગોંડલ ખાતે સરપંચો અને ગ્રામ, તાલુકા પંચાયતના સભ્યો માટે વિશેષ માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જનપ્રતિનિધિઓને સંબોધિત કરતા કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, અધિકારીઓને વહીવટમાં ઉત્કૃષ્ટતા મેળવવા માટે સતત તાલીમ આપવામાં આવે છે, તેવી જ રીતે પાંચ વર્ષ માટે ચૂંટાઈને આવતા જનપ્રતિનિધિઓ પણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં શ્રેષ્ઠ વહીવટ આપી શકે તે હેતુથી આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, લોકશાહી વ્યાવસ્થામાં કોઈ શાસક નથી પરંતુ સૌ 'લોકસેવક' છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ પોતાને 'પ્રધાન સેવક' ગણાવ્યા છે. દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ સુધીના રસ્તાનું નામ 'રાજપથ' માંથી બદલીને 'કર્તવ્યપથ' કરવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે દરેક જનપ્રતિનિધિમાં દેશ પ્રત્યે કર્તવ્ય ભાવ હોવો અત્યંત જરૂરી છે.




પોતાના ૨૫ વર્ષના જનપ્રતિનિધિ તરીકેના અને ૧૫ વર્ષના સરકારમાં કામગીરીના અનુભવો વહેંચતા કેન્દ્રીય મંત્રીએ ઉમેર્યું હતું કે, જનપ્રતિનિધિએ માત્ર રોડ, રસ્તા કે પાણીના કામો પૂરતા સીમિત ન રહેતા, સામાજિક બદલાવ માટે જનજાગૃતિના કામો કરવા જોઈએ. તેમણે ગ્રામ પંચાયતના સભ્યોને ગામમાં નિયમિત બેઠકો યોજીને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ અટકાવવા, કચરાનો યોગ્ય નિકાલ કરી ગામને સ્વચ્છ રાખવા, ચોમાસા દરમિયાન રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિષયક જાગૃતિ કેમ્પ યોજવા, યુવાનોને નશાથી દૂર રાખવા વ્યાપક લોકજાગૃતિના પ્રયાસો કરવા આહ્વાન કર્યું હતું.

આ તકે ખેડૂતોના હિત માટે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા નિર્ણયોની વિગતો આપતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, અતિવૃષ્ટિના સમયે ખેડૂતોને રાહત આપવા રૂ. ૧૦ હજાર કરોડનું પેકેજ જાહેર કરી સમયસર સહાય ચૂકવવામાં આવી હતી. આ ઉપરાંત, એમ.એસ.પી. અંતર્ગત ખેડૂતો પાસેથી ૧૦૦ ટકા મગફળીની ટેકાના ભાવે ખરીદી કરીને સરકાર ખેડૂતોના પડખે રહી છે. તેમણે પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓને પોતાની સત્તા અને ફરજો પ્રત્યે સભાન રહીને ગામના વિકાસ માટે, સ્વચ્છતા અભિયાન માટે અને ''મારું ગામ, આદર્શ ગ્રામ''ના સૂત્રને સાકાર કરવા નિષ્ઠાપૂર્વક કાર્યરત રહેવા

અપીલ કરી હતી. આ તકે ટીબીમુક્ત ભારત અભિયાન અંતર્ગત લાભાર્થીઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.ગોંડલ ખાતેના કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, આયુષ્યમાન કાર્ડ રિન્યૂ કરવામાં નાગરિકોને તકલીફ ન પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેમના કાર્ડ આગામી છ મહિનામાં એક્સપાયર થવાના છે, તે તમામ કાર્ડધારકોની યાદી અગાઉથી તૈયાર કરવામાં આવી છે. આ યાદી જિલ્લાના દરેક ગામમાં આપવામાં આવશે. જેથી લાભાર્થીઓને અગાઉથી જ જાણ કરીને આવકનો દાખલો કઢાવીને સમયસર આયુષ્યમાન કાર્ડ રિન્યૂ કરવાની કામગીરી થઈ શકે. આ માટે તેમણે જનપ્રતિનિધિઓને આ કામગીરીમાં સક્રિય યોગદાન આપવા અપીલ કરી હતી.

આ તકે જામકંડોરણા ખાતે સ્થાનિક ધારાસભ્ય જયેશ રાદડિયા, અગ્રણી અલ્પેશ ઢોલરિયા જ્યારે ગોંડલ ખાતેના કાર્યક્રમમાં અગ્રણી જ્યોતિરાદિત્યસિંહ જાડેજા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સામતભાઈ બાંભવા, ગોંડલ તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ ઢોલરિયા તેમજ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર, નિવાસી અધિક કલેક્ટર જે.એચ. બારોટ, પ્રાંત અધિકારી નાગાજણ તરખલા તથા રાહુલ ખાંભરા સહિત પંચાયતી રાજ સંસ્થાઓના તમામ સ્થાનિક જનપ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

# ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત પુરસ્કારથી વંચિત વિજેતા ખેલાડીઓ માટે આજે છેલ્લો દિવસ

### આધાર-પુરાવા રજૂ કરવાનો આવતીકાલે છેલ્લો દિવસ સાંજના ૪ વાગ્યા સુધીમાં જરૂરી આધાર-પુરાવા રજૂ કરવા તાકીદ

રાજકોટ, તા.૧૯

ખેલ મહાકુંભ ૩.૦, ખેલ મહાકુંભ ૨૦૨૫ તેમજ સ્પેશિયલ ખેલ મહાકુંભ ૩.૦ અને સ્પેશિયલ ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજકોટ ગ્રામ્ય તાલુકા/જિલ્લા કક્ષા) અને રાજકોટ શહેર (ઝોન/મહાનગરપાલિકા કક્ષા)ના વિજેતા ભાઈઓ અને બહેનોને રોકડ પુરસ્કારની રકમ જમા ન થઈ હોય, તેમણે કેએમકે સ્લીપ, બેંક સ્ટેટમેન્ટ અને બેંક પાસબુકની નકલ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, રાજકોટ કચેરી ખાતે તારીખ ૨૦-૦૮-૨૦૨૬ના રોજ સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં જમા કરવાના રહેશે.

નિર્ધારિત સમયમર્યાદા બાદ કોઈ પણ ખેલાડીના રોકડ પુરસ્કાર માટેની પ્રક્રિયા કરવામાં આવશે નહીં. વધુ માહિતી માટે રાજકોટ શહેર ઝોન-મહાનગરપાલિકા (ખેલ મહાકુંભ) ધ્રુવભાઈ ચૌહાણ, મો. ૭૩૫૯૨૪૨૦૪૫, રાજકોટ ગ્રામ્ય તાલુકા-જિલ્લા કક્ષા (ખેલ મહાકુંભ) વિરેન વાંસજાળીયા, મો. ૬૩૫૨૬૪૮૫૨૯, રાજકોટ જિલ્લા કક્ષા (સ્પેશિયલ ખેલ મહાકુંભ) શ્વેતાબેન પટેલ, મો. ૯૪૨૯૧૫૭૭૬૪ ઉપર સંપર્ક સાધી શકાશે તેમ જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, રાજકોટની યાદીમાં જણાવાયું છે.



# લોકમેળામાં AI-ડ્રોનથી રખાશે નજર

## વરસાદી પાણી માટે અંડરગ્રાઉન્ડ ગટર લાઈન : ધામધૂમથી તૈયારીઓ શરૂ

રાજકોટ, તા.૧૯

રાજકોટ કલેક્ટરતંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા શહેરના ઐતિહાસિક રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આગામી તા. ૨થી શરૂ થતાં પાંચ દિવસીય સૌરાષ્ટ્રના ભાતીગળ લોકમેળાની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. મેળાને હવે ગણતરીના ૧૨ દિવસ જ બાકી રહ્યા હોય, કલેક્ટર ડો. ઓમપ્રકાશના સુચારુ માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલા માઈક્રો પ્લાનિંગ સાથે આ કામગીરીને પુરજોશમાં આગળ ધપાવવામાં આવી રહી છે. ગ્રાઉન્ડની ચોક્કસ માપણી બાદ મુખ્ય સ્ટેજ, વોચ ટાવર તેમજ ખાણીપીણી અને રમકડાના સ્ટોલ ઊભા કરવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે, જ્યારે યાંત્રિક રાઈડ્સના પ્લોટ અને અન્ય સ્ટોલ્સનું વેપારીઓને એલોટમેન્ટ પણ શરૂ કરી દેવાયું છે.

આ વર્ષે લોકમેળાનું ઉદઘાટન તા. ૨ના રોજ બપોરે મુખ્યમંત્રી અથવા નાયબ મુખ્યમંત્રીના હસ્તે રિબીન કાપીને કરવામાં આવશે, જે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ ઉદઘાટન સમારોહમાં સાંસદો, ધારાસભ્યો સહિતના અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહેશે અને રાસ-ગરબા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ બોલશે. દરરોજ સાંજે ૪થી ૭ વાગ્યા દરમિયાન લોકમેળામાં રાજ ગઢવી અને અઘોરી ગ્રુપ જેવા નામાંકિત કલાકારો સાથે ઉભરતા સ્થાનિક કલાકારોને પણ મનોરંજન પીરસવા માટે વિશેષ સ્ટેજ પૂરું પાડવામાં આવશે.

લાખોની જનમેદનીને ધ્યાનમાં રાખીને સુરક્ષાના ભાગરૂપે પ્રથમવાર આખા મેળાનું એઆઈ (અંઈ) અને ડ્રોન કેમેરા મારફતે કડક મોનિટરિંગ કરાશે. સુરક્ષા વ્યવસ્થામાં ગઉછક્ષ્ની ટીમ, ૧૨૦૦ પોલીસ જવાનો અને ૧૨૫ ખાનગી સિક્યુરિટી ગાર્ડ્સ તૈનાત રહેશે, જ્યારે ગ્રાઉન્ડ પર ૨૬ વોચ ટાવર અને ખાસ કોરિડોર પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત દર વર્ષે ચોમાસા દરમિયાન ભરાતા વરસાદી પાણીની કાયમી ફરિયાદોના ઉકેલ માટે પ્રથમવાર ગ્રાઉન્ડમાં અંડરગ્રાઉન્ડ પાઈપ ગટર નાખવામાં આવી રહી છે, જેથી વેપારીઓ અને મુલાકાતીઓને કોઈ હાલાકી ન ભોગવવી પડે.

અવિરત વીજ પુરવઠા માટે ગ્રાઉન્ડમાં ૯૦ ઊંટના ૧૭, ૫ ઊંટના ૧૫ અને ૫૦ ઊંટનું ૧ ટ્રાન્સફોર્મર મૂકવામાં આવશે, તેમજ આકસ્મિક વીજળી ગુલ થાય તો ઈમરજન્સી સેવા માટે પોલીસ હેડક્વાર્ટર ગેટ પાસે ખાસ કંટ્રોલરૂમ સાથે ૧૦૦થી વધુ વીજકર્મીઓ ફરજ પર રહેશે. સહેલાણીઓ માટે ૧૭ સ્થળોએ ફ્રી પાર્કિંગની વ્યવસ્થા કરાઈ છે, જ્યારે સમગ્ર મેળાના સંચાલન માટે કલેક્ટરતંત્રના ૧૦૦ રેવન્યુ કર્મચારીઓને ખાસ જવાબદારી સોંપવામાં આવી છે. ટૂંક સમયમાં જ આ લોકમેળાનું સત્તાવાર નામકરણ પણ કરી દેવામાં આવશે.



# કેબલ બ્રિજનું કામ અડધો અડધ પૂર્ણ

## જાન્યુઆરી-૨૦૨૮ સુધીમાં થશે તૈયાર : ફ્લાયઓવર માટેના તમામ ૨૬ ફાઉન્ડેશન, ૨૬ પિયર અને ૨૬ પિયર કેપનું કામ ૧૦૦ ટકા પૂર્ણ



રાજકોટ, તા. ૧૯

રાજકોટના મુખ્ય પ્રવેશદ્વાર સમાન અને રીંગ રોડ-૨ પર ચોવીસે કલાક હેવી વાહનોથી ધમધમતી કટારીયા ચોકડી ખાતે સૌરાષ્ટ્રનો પ્રથમ ડબલ ડેકર કેબલ બ્રિજ આકાર લઈ રહ્યો છે. આ પ્રોજેક્ટમાં ફ્લાયઓવર અને અંડરબ્રિજ એમ બંનેનું કામ સમાંતર રીતે ચાલી રહ્યું છે, જેમાં હાલ સમગ્ર પ્રોજેક્ટની આશરે ૫૦ ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જોકે, આ બ્રિજ પર વાહનવ્યવહાર શરૂ થવામાં હજુ દોઢ વર્ષથી વધુ સમયની રાહ જોવી પડશે, કારણ કે ટેન્ડરની શરતો મુજબ આ સમગ્ર પ્રોજેક્ટ પૂર્ણ કરવાની આખરી મુદત જાન્યુઆરી-૨૦૨૮ એટલે કે કુલ ૩૦ મહિના નક્કી કરવામાં આવી છે.

પ્રોજેક્ટ ઈન્ચાર્જ અને ઈ.સીટી ઈજનેર કુંતેશ મહેતાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આજની સ્થિતિ મુજબ પ્રોજેક્ટમાં કુલ ૫૧.૦૦ ટકા ભૌતિક પ્રગતિ તથા ૪૫.૮૭ ટકા નાણાકીય પ્રગતિ નોંધાઈ છે. પ્રોજેક્ટનું અમલીકરણ, ગુણવત્તા નિયંત્રણ અને બિલિંગ પ્રક્રિયા નિર્ધારિત આયોજન મુજબ સંતોષકારક રીતે આગળ વધી રહી છે. પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ખોદકામનું ૭૬.૦૩ ટકા કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. ફ્લાયઓવર માટે જરૂરી તમામ ૨૬ ફાઉન્ડેશન, ૨૬ પિયર તથા ૨૬ પિયર કેપનું કાર્ય ૧૦૦ ટકા પૂર્ણ થઈ ગયું છે. આ ઉપરાંત કુલ ૧૧૧ પ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રિટ (ડ્જઈ) ગર્ડરમાંથી ૮૮ ગર્ડરનું કાસ્ટિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે અને તેમાંથી ૩૬ ગર્ડર સફળતાપૂર્વક લોન્ચ પણ કરી દેવાયા છે, જ્યારે હાલમાં રિટેઈનિંગ વોલનું આશરે ૫૦ ટકા કાર્ય પૂર્ણ થયું છે.

બીજી તરફ કુલ ૨૬ પૈકી ૨ ડેક સ્લેબનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું છે. ઉપરાંત યુ-ટાઈપ રિટેઈનિંગ વોલ, પાઈલિંગ, બોક્સ કલ્વર્ટ વિસ્તરણ તેમજ અન્ય તમામ બાકી રહેલી માળખાકીય કામગીરી પણ વિવિધ તબક્કામાં ઝડપી ગતિએ પ્રગતિ હેઠળ છે. કટારીયા ચોકડી ઉપર ફ્લાયઓવર અને નીચે અંડરબ્રિજ બનાવવાના આ વિશાળ કામથી આ ચોકડી પરથી અવરજવર કરતા અંદાજે બે લાખ વાહનચાલકોને સીધો લાભ થશે તેવો અહેવાલ અગાઉ તૈયાર કરવામાં આવ્યો હતો. આ બ્રિજ સંપૂર્ણ રીતે શરૂ થશે એટલે કાલાવડ રોડ પર દરરોજ સર્જાતી મોટી ટ્રાફિક સમસ્યા કાયમી ધોરણે હળવી થઈ જશે. હાલ કાલાવડ રોડ પર કટારીયા ચોકડી ખાતે ફ્લાયઓવર અને અંડરપાસનું કામ નિયત સમયમર્યાદા મુજબ ચાલી રહ્યું છે, જેમાં ફાઉન્ડેશન ભરવાથી લઈને અંડરપાસનો બની રહેલો રસ્તો અને ટ્રાયંગલ ફ્લાયઓવરની ડિઝાઈન પણ હવે સ્પષ્ટપણે આકાર લેતી જોવા મળી રહી છે.

# વન વિભાગની કાર્યવાહી: ૪ મહિનામાં ૭૫ ગુના

## વન્યજીવ સંરક્ષણ ધારાનો ભંગ કરનારાઓ અસામાજિક તત્વો સામે વન વિભાગની લાલ આંખ

રાજકોટ, તા. ૧૯

એશિયાટિક સિંહોના સંરક્ષણ અને વન સંપત્તિના જતન માટે કટિબદ્ધ વન વિભાગ દ્વારા અસામાજિક તત્વો અને વન્યજીવ સંરક્ષણ ધારાનો ભંગ કરનારાઓ સામે કડક કાનૂની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાની સૂચનાથી ગીર પૂર્વ વન વિભાગ દ્વારા છેલ્લા ૪ માસ દરમિયાન ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ૭૫ ગુના નોંધીને કુલ રૂ. ૧૩.૩૦ લાખથી વધુનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

વન વિભાગ દ્વારા હાથ ધરાયેલી આ ઝુંબેશ અંતર્ગત અભયારણ્ય વિસ્તારમાં અનધિકૃત રીતે પ્રવેશ કરનારાઓ સામે ૩૮ ગુનાઓ નોંધી રૂ. ૭,૭૬,૪૦૦ નો દંડ ફટકારાયો છે. આ સિવાય વન્ય પ્રાણીઓના શિકારને લગતા ૦૮ ગુના નોંધાયા છે, જેમાં ૦૪ કેસમાં અદાલતી કાર્યવાહી ચાલુ છે અને અન્ય ૦૪ કેસમાં



દંડાત્મક કાર્યવાહી કરીને રૂ. ૨,૨૦,૦૦૦ નો દંડ વસૂલાયો છે. આ ઉપરાંત, માન્ય પરવાનગી કે ટ્રાન્ઝિટ પાસ વગર લાકડાની હેરફેર કરતા ગુનેગારો સામે ૧૬ ગુના નોંધી રૂ. ૩,૦૩,૦૦૦ નો દંડ તેમજ અભયારણ્યમાં પ્લાસ્ટિક કચરો ફેંકવા અને અનામત વીડીમાં ગેરકાયદેસર પશુ ચરાવવા બદલ ૧૭ ગુનાઓ નોંધી રૂ. ૩૨,૫૦૦ નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

ગીર પૂર્વ વન વિભાગ દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે સિંહ કે અન્ય કોઈપણ વન્યપ્રાણીઓની પજવણી, ગેરકાયદે શિકાર, પ્રતિબંધિત વિસ્તારમાં ઘૂસણખોરી કે વનસંપત્તિની ચોરી જેવી પ્રવૃત્તિઓ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં. આ સાથે નાયબ વન સંરક્ષકની કચેરી, ગીર-પૂર્વ (અમરેલી) દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે આસપાસ કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ થતી જણાય કે સોશિયલ મીડિયા પર સિંહની પજવણી, ગેરકાયદેસર લાયન શો કે શિકાર સંબંધિત કોઈ રીલ, ફોટો કે વીડિયો જોવા મળે તો તેની તાત્કાલિક જાણ નજીકની વન વિભાગની કચેરીને કરવી.

## પોલીસ કમિશનરનું જાહેરનામું : સોશિયલ મીડિયા રીલ્સ માટે સ્ટંટબાજી

# ‘અટલ સ્માર્ટ સિટી’માં ફૂટપાથ-સાયકલ ટ્રેક પર પ્રતિબંધ

રાજકોટ, તા. ૧૯

રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લિમિટેડ દ્વારા સ્માર્ટ સિટી મિશન અંતર્ગત રૈયા ટી.પી.-૩૨ના આશરે ૯૩૦ એકરના વિશાળ વિસ્તારમાં ‘અટલ સ્માર્ટ સિટી’ વિકસાવવામાં આવ્યું છે. આ વિસ્તારમાં અત્યાધુનિક રોડ નેટવર્ક, બીઆરટીએસ કોરિડોર, બસ સ્ટોપ, સ્માર્ટ સ્ટ્રીટ લાઈટિંગ અને નાગરિકો માટે ખાસ ફૂટપાથ તેમજ સાયકલ ટ્રેકનું નિર્માણ કરવામાં આવ્યું છે.

પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ ફૂટપાથ અને સાયકલ ટ્રેક પર ટૂ-વ્હીલર, ફોર-વ્હીલર તેમજ ભારે વાહનોનું બિન-અધિકૃત પાર્કિંગ અને આડેધડ વાહનોની અવર-જવર થવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. આ ઉપરાંત, અટલ સરોવર આસપાસનો વિસ્તાર સોશિયલ મીડિયા



રીલ્સ માટે સ્ટંટબાજી કરનારાઓની પરાકાષ્ઠા બની રહ્યો હતો, જ્યાં જાહેરમાં ડીજે પાર્ટી અને બર્થડે ઉજવણીના નામે ન્યુસન્સ વધતું હતું. આ સ્થિતિને ધ્યાને રાખીને રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા એક મહત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

અટલ સ્માર્ટ સિટીના સમગ્ર વિસ્તારમાં આવેલા તમામ ફૂટપાથ અને સાયકલ ટ્રેક પર કોઈપણ પ્રકારના વાહનો ચલાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાયો છે તથા આ વિસ્તારને ‘નો-પાર્કિંગ ઝોન’ જાહેર કરાયો છે. હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વાહનચાલકો સામે મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ અને કલમ-૧૮૪ હેઠળ કાનૂની ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવશે. આકસ્મિક સંજોગોમાં ફરજ પરના પોલીસ વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહિની, ફાયર બ્રિગેડ અને સરકારી વાહનોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. તંત્રના આ નિર્ણયથી અટલ સ્માર્ટ સિટી વિસ્તારમાં ચાલકો અને સાયકલ સવારો સુરક્ષિત રીતે અવર-જવર કરી શકશે અને અસામાજિક કે ન્યુસન્સ ફેલાવતા તત્વો સામે કડક લગામ કસાશે.

# રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મોટી અદલ-બદલ

## કમિશનર બ્રાંચના ટેકનીકલ સલાહકાર અજય પરસાણા સહિત ૬ અધિકારીઓની બદલી

રાજકોટ, તા.૧૯

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન (છ્મઈ) ના વહીવટી તંત્રમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા કમિશનર બ્રાંચમાં ઘણા વર્ષોથી ટેકનીકલ સલાહકાર તરીકે પારદર્શક અને સચોટ કામગીરી કરતા ડેપ્યુટી એન્જીનીયર અજય પરસાણા સહિત અર્ધો ડઝન જેટલા અધિકારીઓની બદલી કરવામાં આવી છે, જ્યારે ઇન્ચાર્જ આસિસ્ટન્ટ કમિશનરોના હવાલા પણ ફેરવવામાં આવ્યા છે. કમિશનર વિભાગ ખાતે નાયબ કાર્યપાલક ઇજનેર તરીકે કામ કરતા અજય પરસાણાને હવે વિજીલન્સ ટેકનીકલ વિભાગ અને ક્વોલિટી કંટ્રોલ સેલની મહત્વની કામગીરી સોંપવામાં આવી છે.

સરકારે વિકાસકામોની ગુણવત્તા પર અવારનવાર ભાર મુક્યો હોય, ક્વોલિટી કંટ્રોલ





સેલને વધુ મજબુત બનાવવા અને કામની ગુણવત્તા વધુ અપગ્રેડ કરવા માટે કમિશનરે આ પ્રમાણિક અધિકારીને મોટી જવાબદારી સોંપી છે. તેમની જગ્યાએ ઇન્ચાર્જ આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર તરીકે મહેકમ અને રેસકોર્સ સહિતનો હવાલો સંભાળતા વી. ડી. ઘોણીયાને મુકવામાં આવ્યા છે, જેઓ હવે લીગલ, આરટીઆઈ, જીએડી, લાયબ્રેરી, પ્રોટોકોલ, ફરિયાદ નિવારણ અને આયોજન સેલની કામગીરી સંભાળશે. આ સિવાય આસિસ્ટન્ટ કમિશનર બી. એલ. કાથરોટીયાને એસ્ટેટ દબાણ હટાવ સાથે સેન્ટ્રલ સ્ટોર સોંપવામાં આવ્યો છે.

ડી. એમ. ડોડીયાને વેસ્ટ ઝોન, ટેક્સ, સ્નાનાગાર અને રેસકોર્સની કામગીરી આપવામાં આવી છે, કે. ડી. વાઢેરને સેન્ટ્રલ ઝોન ટેક્સ, શોપ, ચૂંટણી, આવાસ અને પ્રોજેક્ટનો હવાલો સોંપાયો છે, તો આર. એમ. ગામેતીને ઈસ્ટ ઝોનમાં ટેક્સ, સાંસ્કૃતિક વિભાગ, શાળા બોર્ડ અને હાઈસ્કૂલની જવાબદારી સોંપવામાં આવી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ચાલો, ઉંધા કાન પકડો !

## ભાવનગર પોલીસને લઠ્ઠાકાંડ શબ્દ વાપરવામાં શરમ આવી!



ભાવનગરમાં ઝેરી દારૂ પીવાથી ત્રણ નશાબાજોની જિંદગીના ફિંડલા વળી ગયા છે. આ ઘટનાએ સમગ્ર રાજ્યમાં અરેરાટી મચાવી દીધી છે. ભૂતકાળમાં જ્યારે પણ આવી કોઈ દુર્ઘટના બનતી ત્યારે મીડિયામાં 'લઠ્ઠાકાંડ' તરીકે તેના મોટા ન્યૂઝ બનતા હતા. હોબાળો મચતો અને પોલીસ તંત્ર સામે ગંભીર સવાલો ઉઠતા હતા. પરંતુ આ વખતે ભાવનગર પોલીસે અદભુત સ્માર્ટવર્ક કર્યું છે. પોલીસે આ અતિ ગંભીર ઘટનામાંથી 'લઠ્ઠાકાંડ' શબ્દ જ ગાયબ કરી દીધો. સમગ્ર મામલાને હળવો બનાવવા માટે પોલીસે ફલાણી બ્રાન્ડમાં ભેળસેળ કે નકલી દારૂ જેવા શબ્દોનો સહારો લીધો છે.

સામાન્ય રીતે કાયદાકીય ભાષામાં લઠ્ઠો એટલે કેમિકલ કે ઝેરી પદાર્થો ભેળવીને બનાવવામાં આવતો અતિશય ઘાતક દારૂ. આ દારૂ કોઈ જાણીતી બ્રાન્ડેડ બોટલની નકલ હોય કે પછી દેશી દારૂ હોય, તેનાથી કાયદાકીય વ્યાખ્યા બદલાઈ જતી નથી. ઝેર તો ઝેર જ રહેવાનું છે. પ્રથમ નજરે જોતાં અને પ્રાથમિક અહેવાલો પ્રમાણે ભાવનગરમાં ત્રણ દારૂડિયાના મોત લઠ્ઠાકાંડથી જ થયા હોવાનું સ્પષ્ટ દેખાય છે. આ કરૂણ ઘટના સમગ્ર ગુજરાતભરના દારૂડિયાઓ માટે એક લાલબત્તી સમાન ચેતવણી છે.

બીજી બાજુ આ ઘટના રાજ્યના પોલીસ તંત્રની સરેઆમ નિષ્ફળતા સૂચવે છે. દારૂબંધીના કાગળ પરના દાવાઓ વચ્ચે ગેરકાયદેસર વેચાતા દારૂના ધંધામાં અત્યારે ગજબની હરીફાઈ જામી છે. દારૂને વધુ સ્ટ્રોંગ બનાવવા અને ઝડપી નશો ચડાવવા માટે તેમાં અતિશય ઘાતક કેમિકલ્સ અને ઝેરી દ્રવ્યો ભેળવવામાં આવે છે. ગુજરાતભરમાં ખુલ્લેઆમ ચાલતા આ ગેરકાયદે નશાના કારોબારમાં મુખ્ય વિલન બીજું કોઈ નહીં પણ સેટિંગબાજ તંત્ર પોતે જ છે.

જનતામાં ઉહાપોહ ન થાય અને ઉચ્ચ કક્ષાએથી દંડ ન પડે તે માટે જ 'લઠ્ઠાકાંડ' જેવા શબ્દો વાપરવાનું ટાળવામાં આવી રહ્યું છે. તંત્ર નકલી શબ્દ વાપરીને સલુકાઈથી ઉંધા કાન પકડાવે છે અને આપણે પણ કોઈ સવાલ ઉઠાવ્યા વગર તેને ચુપચાપ પકડી લઈએ છીએ. શબ્દોની માયાજાળ રચીને ગુનાની ગંભીરતા છુપાવવાનો આ ખેલ અત્યંત શરમજનક છે.

# ચૂંટણીમાં કાળા નાણાંના ઉપયોગમાં ગુજરાત ટોચ પર

## ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૩.૮૭ લાખ FIR નોંધાઈ હતી, ગુજરાત ૫૨,૮૨૦ FIR સાથે મોખરે




અમદાવાદ, તા. ૧૯

ચૂંટણીઓ નજીક આવતાની સાથે, રેલીઓ, પોસ્ટરો, પ્રચાર અને ઉમેદવારોની તૈયારીઓ સાથે, બીજો એક વિષય ધ્યાન પર આવે છેઃ ચૂંટણીમાં પૈસાનો ઉપયોગ. પ્રશ્ન ફક્ત ઉમેદવારો કેટલા પૈસા ખર્ચ કરે છે તે જ નથી, પરંતુ ચૂંટણી દરમિયાન કેટલા પૈસા જપ્ત કરવામાં આવે છે જેનો ઉપયોગ મતદારોને પ્રભાવિત કરવા અથવા ચૂંટણી નિયમોનું ઉલ્લંઘન કરવા માટે થતો હોવાની શંકા છે. આ મુદ્દા પર, ચૂંટણી પંચે ૨૦૧૯ અને ૨૦૨૪ ની લોકસભા ચૂંટણીઓ તેમજ ૨૦૧૯ અને ૨૦૨૫ વચ્ચે યોજાયેલી વિધાનસભા ચૂંટણીઓનો ડેટા સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો.


આ ડેટામાં FIR, તપાસ, કેસ બંધ કરવા, નિર્દોષ છૂટકારો અને દોષિત ઠેરવવાની માહિતી શામેલ છે. સૌથી નોંધપાત્ર વાત એ છે કે, ૨૦૧૯ અને ૨૦૨૪ ની લોકસભા ચૂંટણીઓમાં સૌથી વધુ FIR ધરાવતા રાજ્યોની યાદીમાં ગુજરાત ટોચ પર હતું. ૨૦૧૯ માં, ગુજરાતમાં ૩૫,૧૪૪ ૠૄઈછ નોંધાયા હતા, જ્યારે ૨૦૨૪ માં, આ સંખ્યા વધીને ૫૨,૮૨૦ થઈ ગઈ. આ પછી, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને તેલંગાણા જેવા રાજ્યો પણ વિવિધ ચૂંટણીઓમાં ઉચ્ચ ક્રમે રહ્યા. FIR ની સંખ્યા સીધી રીતે ''કાળા નાણાંના ખર્ચ'' ની રકમને આભારી નથી. FIR વિવિધ ચૂંટણી ગુનાઓ સાથે સંબંધિત હોઈ શકે છે. તેમ છતાં, આ આંકડા દર્શાવે છે કે કયા રાજ્યો અને ચૂંટણીઓમાં ચૂંટણી ગેરરીતિઓ સંબંધિત સૌથી વધુ કેસ જોવા મળ્યા. ૨૦૨૪ ની લોકસભા ચૂંટણી માટે, દેશભરમાં ૩૮૭,૪૩૦ FIR નોંધાયા હતા. આમાંથી, ૧૬૬,૦૪૪ કેસોમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા, જ્યારે ૧૦૬,૮૪૧ કેસોમાં ટ્રાયલ પેન્ડિંગ હતી.

૨૦૧૯ ની લોકસભા ચૂંટણી માટે, કુલ ૧૪૪,૦૩૦ FIR નોંધાયા હતા, જેમાંથી ૩૭,૨૧૫ કેસોમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા, અને ૪૪,૩૮૭ કેસોમાં ટ્રાયલ પેન્ડિંગ હતી. વિધાનસભા ચૂંટણીઓ અંગે, ૨૦૧૯ અને ૨૦૨૫ વચ્ચે ૨૦૧,૮૯૪ FIR નોંધાઈ હતી. આમાંથી ૪૦,૧૫૫ કેસોમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા, અને ૭૯,૧૪૮ હજુ પણ ટ્રાયલ હેઠળ હતા. આ આંકડાઓને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે ચૂંટણી સંબંધિત કેસોનો ઝડપી નિકાલ કરવાનો અને ચૂંટણી ગુનાઓ સામે કાર્યવાહી મજબૂત બનાવવાનો નિર્દેશ આપ્યો છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં, ગુજરાત ૩૫,૧૪૪ FIR સાથે યાદીમાં ટોચ પર હતું. આ પછી ઉત્તર પ્રદેશ ૧૯,૨૦૯, મહારાષ્ટ્ર ૧૮,૯૨૮ અને પશ્ચિમ બંગાળ ૧૭,૪૯૩ સાથે બીજા ક્રમે હતું. રાજસ્થાનમાં ૮,૬૫૨, તેલંગાણામાં ૮,૫૫૦ અને આંધ્રપ્રદેશમાં ૬,૪૮૯ FIR નોંધાઈ હતી. તમિલનાડુમાં ૫,૧૦૬, પંજાબમાં ૪,૮૬૯ અને કર્ણાટકમાં ૪,૬૦૯ FIR નોંધાઈ હતી. આમ, ૨૦૧૯ ના ડેટામાં, ગુજરાત, ત્યારબાદ ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળમાં ચૂંટણી ગુનાઓ સંબંધિત સૌથી વધુ કેસ નોંધાયા હતા. ૨૦૨૪ ની લોકસભા ચૂંટણી માટે ચિત્ર યથાવત રહ્યું. ગુજરાતમાં ૫૨,૮૨૦ FIR નોંધાયા, જે ૨૦૧૯ કરતા નોંધપાત્ર વધારો દર્શાવે છે. આ પછી મહારાષ્ટ્રમાં ૨૯,૫૪૫, પશ્ચિમ બંગાળમાં ૨૭,૪૬૧ અને ઉત્તર પ્રદેશમાં ૨૩,૬૪૫ કેસ નોંધાયા. તેલંગાણામાં ૨૩,૦૮૭, રાજસ્થાનમાં ૧૨,૭૪૬, કર્ણાટકમાં ૭,૫૮૮ અને તમિલનાડુમાં ૫,૯૪૮ કેસ નોંધાયા. આંધ્રપ્રદેશમાં ૫,૦૪૩ FIR નોંધાયા.

૨૦૨૪ ની લોકસભા ચૂંટણી સંબંધિત ૩૮૭,૪૩૦ કેસમાંથી, ૧૬૬,૦૪૪ કેસોમાં દોષિત ઠેરવવામાં આવ્યા, ૭૬,૯૮૭ બંધ કરવામાં આવ્યા, ૨૪,૯૫૦ નિર્દોષ જાહેર કરવામાં આવ્યા, અને ૧૦૬,૮૪૧ હજુ પણ ટ્રાયલ હેઠળ છે. ૨૦૧૯ માં, ૩૭,૨૧૫ કેસોમાં દોષિત ઠેરવવામાં આવ્યા, ૨૬,૯૯૦ કેસ બંધ કરવામાં આવ્યા, અને ૩૬,૩૧૨ કેસોમાં નિર્દોષ છૂટ્યા. હવે, સુપ્રીમ કોર્ટે ચૂંટણી દરમિયાન જપ્ત કરાયેલી રોકડ અને મિલકતના સંચાલનમાં જવાબદારી સ્થાપિત કરી છે, અને જણાવ્યું છે કે જપ્તી અને લેખિત કારણો વિશેની માહિતી ૨૪ કલાકની અંદર પૂરી પાડવી આવશ્યક છે. વધુમાં, એક વર્ષની અંદર FIR તપાસ પૂર્ણ કરવાના પ્રયાસો કરવા જોઈએ, અને કોઈપણ વિલંબનું દસ્તાવેજીકરણ કરવું જોઈએ.

# મહારાષ્ટ્ર SIRમાં ચોંકાવનારા આંકડા

## બે જગ્યાએ ૧૭ લાખ મતદારોના નામ, ૭૫ લાખ મતદારો 'ગુમ'!



નવીદિલ્હી, તા. ૧૯

મહારાષ્ટ્રમાં, ખાસ સઘન સંશોધન (SIR) હેઠળ મોટી સંખ્યામાં મતદારોની તપાસ કરવામાં આવી છે જેમના નામ બે જગ્યાએ નોંધાયેલા છે અથવા જેમના નામ ચકાસી શકાયા નથી. રાજ્યમાં ડુપ્લિકેટ નામો ધરાવતા ૧.૭૬૩ મિલિયન મતદારોની ઓળખ કરવામાં આવી છે, જ્યારે ૭.૫૫૨ મિલિયન મતદારો હજુ પણ શોધી શકાતા નથી. વધુમાં, ૨૭ મિલિયનથી વધુ મતદારોને ''અનસેલેક્ટેબલ'' યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. આ મતદારોના SIR ગણતરી ફોર્મ વિવિધ કારણોસર સબમિટ કરી શકાયા નથી, જેમાં ઘરે ન મળેલા મતદારો, કાયમી સ્થળાંતર કરનારા મતદારો, મૃત મતદારો, ડુપ્લિકેટ નામો ધરાવતા મતદારો અને અન્ય શ્રેણીના મતદારોનો સમાવેશ થાય છે. SIR હેઠળ મતદાર ગણતરી ફોર્મ સબમિટ કરવાની અંતિમ તારીખ ૧૭ ઓગસ્ટ હતી. મંગળવારે, રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) કાર્યાલયે અંતિમ SIR આંકડા જાહેર કર્યા.

મહારાષ્ટ્રમાં કુલ ૯૭.૮ મિલિયન મતદારોમાંથી, ૭૭.૧ મિલિયન મતદારો માટે SIR ફોર્મ સબમિટ કરવામાં આવ્યા છે, એટલે કે રાજ્યના ૭૮.૮૫ ટકા મતદારોએ SIR પ્રક્રિયા પૂર્ણ કરી છે. જોકે, ૨.૭ કરોડથી વધુ મતદારોએ તેમના ફોર્મ સબમિટ કર્યા નથી, જે કુલ મતદારોના ૨૧.૧૫ ટકા છે. ચૂંટણી પંચ ૨૪ ઓગસ્ટના રોજ ડ્રાફ્ટ મતદાર યાદી પ્રકાશિત કરશે. જે મતદારોના નામ આ યાદીમાં નથી તેઓ આગામી મહિનાની અંદર મતદાર યાદીમાં તેમના નામનો સમાવેશ કરવા માટે ફોર્મ-૬ સબમિટ કરી શકશે. અસંગ્રહિત યાદીમાં રહેલા મતદારો પણ ફોર્મ-૬ દ્વારા મતદાર યાદીમાં સમાવેશ માટે અરજી કરી શકશે. વધુમાં, ૧ ડિસેમ્બર, ૨૦૨૬ ના રોજ અથવા તે પહેલાં ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરનારા નાગરિકો પણ મતદાર બનવા માટે અરજી કરી શકશે. ચૂંટણી પંચ દ્વારા ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ અંતિમ મતદાર યાદી પ્રકાશિત કરવામાં આવશે. મહારાષ્ટ્રમાં ચોંકાવનારા SIR આંકડા બહાર આવ્યા છે. રાજ્યમાં ૧.૭૬૩ મિલિયન મતદારોના નામ બે અલગ અલગ સ્થળોએ નોંધાયેલા છે. જ્યારે ૭૫ લાખ મતદારોના ઠેકાણા શોધી શકાયા નથી.

ચૂંટણી પંચ ૨૪ ઓગસ્ટના રોજ ડ્રાફ્ટ મતદાર યાદી પ્રકાશિત કરશે. જે મતદારોના નામ યાદીમાં નથી તેઓ આગામી મહિનાની અંદર ફોર્મ ૬ સબમિટ કરીને તેમના નામનો સમાવેશ કરાવી શકે છે. વધુમાં, ''અસંગ્રહી'' યાદીમાં રહેલા મતદારો પણ આ પ્રક્રિયાનો લાભ મેળવી શકે છે. ૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીમાં ૧૮ વર્ષની ઉંમરે પહોંચેલા તમામ નાગરિકો પણ મતદાર બનવા માટે અરજી કરી શકશે. આવા આંકડા ફક્ત સંખ્યાઓ જ નહીં, પરંતુ લોકશાહીનો પાયો પણ છે. ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા મહત્વપૂર્ણ છે. જો આ અનિયમિતતાઓને સુધારવામાં નહીં આવે, તો આગામી ચૂંટણીઓમાં મતદારોનો વિશ્વાસ ઘટી શકે છે. આ પરિસ્થિતિને સંબોધવા માટે લેવામાં આવતા કોઈપણ પગલાં લોકશાહીને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ રહેશે.

## રાજકારણીઓના કેસ માટે ખાસ કોર્ટ, ૧ વર્ષમાં નિર્ણય

# રાજકારણમાં ગુના અટકાવવા માટે ફોર્મ્યુલા

નવીદિલ્હી, તા. ૧૯

ભારતીય રાજકારણમાં ગુનાહિત આરોપોનો સામનો કરી રહેલા નેતાઓ પર લાંબા સમયથી પ્રશ્નો ઉભા થયા છે. આ મુદ્દા પર વિવિધ સમયે ચર્ચા અને ચર્ચા થઈ છે. આમ છતાં, સંસદમાં અનેક ગુનાહિત કેસ ધરાવતા જનપ્રતિનિધિઓની હાજરી ચાલુ રહે છે. હવે, સુપ્રીમ કોર્ટે સાંસદો અને ધારાસભ્યો સામે પડતર ફોજદારી કેસોના ઝડપી નિકાલ માટે અનેક મહત્વપૂર્ણ સૂચનો કર્યા છે. કોર્ટમાં રજૂ કરાયેલા તાજેતરના અહેવાલ મુજબ, વર્તમાન અને ભૂતપૂર્વ સાંસદો અને ધારાસભ્યો સામે ૪,૧૯૨ ફોજદારી કેસ ટ્રાયલ સ્તરે પેન્ડિંગ છે, જેમાંથી ૫૧૯ કેસ ૧૦ વર્ષથી વધુ જૂના છે. કેસોની દેખરેખ માટે સુપ્રીમ કોર્ટ સ્તરે સતત પ્રયાસો છતાં, ૨૦૧૮ થી પેન્ડિંગ કેસોની સંખ્યા લગભગ સમાન સ્તરે રહી છે. તેથી, પ્રશ્ન એ ઊભો થાય છેઃ રાજકારણના ગુનાહિતકરણને રોકવા અને જનપ્રતિનિધિઓ સામેના કેસોનો ઝડપી નિરાકરણ સુનિશ્ચિત કરવા માટે કઈ નવી સિસ્ટમ બનાવી શકાય? સાંસદો અને ધારાસભ્યો સામે ફોજદારી કેસોની સુનાવણી ઝડપી બનાવવા માટે ૨૦૧૬ માં સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ સ્તરે કેસોની દેખરેખ માટે સતત પ્રયાસો છતાં, ૨૦૧૮ થી પેન્ડિંગ કેસોની સંખ્યા લગભગ સમાન સ્તરે રહી છે.

વરિષ્ઠ વકીલ અને એમિકસ ક્યુરી વિજય હંસારિયાએ સુપ્રીમ કોર્ટને નવીનતમ સ્ટેટસ રિપોર્ટ રજૂ કર્યો. આ રિપોર્ટમાં વિવિધ હાઈકોર્ટમાંથી પ્રાપ્ત ડેટા અને તેમની વેબસાઈટ્સ પર ઉપલબ્ધ માહિતીના આધારે સાંસદો અને ધારાસભ્યો સામેના પેન્ડિંગ કેસોનું વિભાજન આપવામાં આવ્યું છે. એમિકસ ક્યુરી કાયદાના વિદ્યાર્થીઓ માટે એક મુખ્ય શબ્દ છે. તે લેટિન શબ્દ છે જેનો શાબ્દિક અર્થ ''કોર્ટનો મિત્ર'' થાય છે.



એમિકસ ક્યુરી એ કોઈ પક્ષ નથી પરંતુ એક સ્વતંત્ર અને નિષ્પક્ષ વ્યક્તિ અથવા સંસ્થા છે જેને કોર્ટ દ્વારા કેસમાં મદદ કરવા માટે નિયુક્ત કરવામાં આવે છે. રિપોર્ટ અનુસાર, ૨૦૨૫ માં સાંસદો અને ધારાસભ્યો સામેના ૧,૨૪૩ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો, પરંતુ તે જ સમયગાળા દરમિયાન ૧,૦૫૦ નવા કેસ પણ દાખલ કરવામાં આવ્યા હતા. આનો અર્થ એ છે કે નવા કેસ ઉમેરવાની ગતિ પણ બેકલોગ ઘટાડવામાં મોટો પડકાર ઉભો કરે છે.

એમિકસ રિપોર્ટમાં વિલંબના ઘણા કારણો ટાંકવામાં આવ્યા છે. આમાં, સાંસદો અને ધારાસભ્યોને લગતા કેસોની સુનાવણી કરતી અદાલતો નિયમિત કેસોથી ભરેલી હોય છે, ખાસ કરીને ઊંચા ભારણને કારણે. વધુમાં, આરોપીઓનું કોર્ટમાં હાજર ન થવું, સાક્ષીઓને સમન્સ મોકલવામાં વિલંબ, સાક્ષીઓનું કોર્ટમાં હાજર ન થવું, વારંવાર મુલતવી રાખવું, તપાસમાં વિલંબ અને ફોરેન્સિક રિપોર્ટ પણ ટ્રાયલને લંબાવતા હોય છે. કેટલાક કિસ્સાઓમાં, જારી કરાયેલા વોરંટનો પણ સમયસર અમલ થતો નથી, જે વિલંબમાં ફાળો આપે છે. આનો સ્પષ્ટ અર્થ એ છે કે ફક્ત ખાસ કોર્ટની સ્થાપનાથી સમસ્યાનો ઉકેલ આવશે નહીં - કોર્ટ પાસે આ કેસોની પ્રાથમિકતા પર સુનાવણી માટે પૂરતો સમય અને સંસાધનો હોવા જોઈએ.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# શ્રાવણી સત્સંગ

## આજે ૨૦ ઓગસ્ટ, એટલે કે સદભાવના દિવસ! ચાલો શિવ પાસેથી સદભાવના શીખીએ!



હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને મારાં સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.આજે ૨૦ ઓગસ્ટ એટલે સદભાવના દિવસ, અને બીજું સદભાવના એ જ જાણે જન્મ લીધો હોય એવાં પપ્પાની પુણ્ય તિથિ,પપ્પાની વિદાયને છ વર્ષ પૂરાં થયાં! પણ ૨૦ ઓગસ્ટ આવતાં જ જીવન કિતાબનાં એ પાનાઓનો ફફડાટ એવો તીવ્ર થાય છે, કે અતીતમાં ગયાં વગર રહેવાતું નથી. એમની એક એક શીખ સંસ્કાર આજ સુધી જીવન અજવાળી રહ્યાં છે. પપ્પાએ સ્વકેન્દ્રી નહીં પણ સ્નેહ કેન્દ્રી બનવાની શીખ આપી છે. એ હવે નથી એ વિચારે ક્યારેક ક્રોધ આવે, દુઃખ થાય,અને નિરાશા ઘેરી વળે, એમ માનવ સહજ લાગણીઓ ક્ષણિક થાય. પણ અંતે તો સદગુરુ કૃપાથી સુખ દુઃખની લાગણીઓ ભગવાન શંકરની જટામાં સમાઈ જાય,અને હૃદયસ્થ સત્ય, પ્રેમ, કરુણાનાં ભાવમાં કોઈ ફેર પડે નહીં. જોકે અમારી માટે તો એ જ શંકર હતાં, આબેહૂબ ગૌર વર્ણ, તેજસ્વી કપાળ, અને સમાજ સંસારને સમ રાખવાં કેટલુય વિષ પીધું! અને સંસારી હોવા છતાં નિત્ય સંન્યાસી જેમ જીવ્યા! અમે તો માત્ર એણે ચીંધેલા પરમાર્થનાં માર્ગ પર પા પા પગલી કરીએ છીએ. આમતો ચિંતનની ધારામાં નીજી પરિવાર વિશે લખવું ઉચિત નથી, પણ પૂરાં શ્રાવણ મહિનાની તપશ્ચર્યા બાદ આ દુનિયામાંથી પપ્પાએ વિદાય લીધી, અને પૂર્ણ શિવભક્ત હતાં. ગાંધીજીના અગિયાર મહાવ્રતનાં વ્રતી, નામ તનસુખ પણ શરીર તદ્દન સુકલકડી હતું, છતાં દ્રઢ નિશ્ચયી અને સકારાત્મક મનોબળ વાળાં પૂર્ણ વિરક્તિ સંન્યાસી, શબ્દો મળે નહીં એટલું ઉદાર અને પ્યારું વ્યક્તિત્વ હતું. પપ્પા એ પરોપકારના પંથે દોરતાં કહ્યું કે, કોઈ વસ્તુ લેવાથી ખુશી મળી શકે, પરંતુ આનંદ તો આપવાથી જ મળે! અને એ વાત એણે જીવન પર્યંત એવું જીવીને સાબિત કરી, એમ કહો કે જીવ શિવ ની સમ્યકતા એમનામાં હતી. તો શ્રાવણ ચાલે છે, એટલે શિવ કંઈ રીતે થવાય એ જરા જોઈએ.

ભગવાન શંકર કરુણા અવતાર છે, અને એમનો મૂળ સ્વભાવ કરુણા છે, તો આજે આ વાતને જુદી રીતે સમજીએ. એટલે કે શું શંકર અને શિવ બંને એક છે? એવો કોઈ પ્રશ્ન થાય તો આપણો જવાબ શું હોઈ શકે! ભારતીય અધ્યાત્મ પ્રમાણે શંકર અને શિવ બંને એક નથી, પરંતુ જીવની શંકર જેવી એક સ્થિતનું નામ શિવ છે. શિવ એટલે અધ્યાત્મની પૂર્ણ પરાકાષ્ઠાની સ્થિતિ, કે જ્યાં જીવ જ શિવ તત્વમાં ફેરવાઈ જાય છે. આ લખવું અને કહેવું એ જેટલું સહેલું છે, એટલું કરવું બહુ અઘરું છે. જીવ પૂર્ણ પણે સંસારી અને ભોગી છે, જ્યારે જીવને ભગવાન શંકરની સ્થિતિએ લઈ જવાનો છે, એટલે કે એનાં સ્વભાવને આત્મસાત કરવાનો છે. ભગવાન શંકર ત્રિગુણાવતીત છે, એટલે અહીં સત્વ રજસ અને તમસની બાદબાકી હોય, એવો સ્વભાવ બનાવવાનો છે, આ ઉપરાંત વિષમ પરિસ્થિતિઓનું વિષ પી ને પણ પ્રસન્ન રહેવાનું છે. વૈરાગ્યની વૃતિને કેળવીને, સ્મશાનમાં રહેવાનું છે, એટલે કે નિત્ય મૃત્યુનું સ્મરણ કરી, મૃત્યુ શાશ્વત સત્ય છે, એને સહજ બનાવવાનું છે. અઘરું છે પરંતુ અશક્ય નથી. કારણ કે ભગવાન શંકર સંસારી છે, અને એણે સંસારી હોવા છતાં સંન્યાસીના ધર્મને સહજ રીતે નિભાવ્યો છે.

પરિવારથી જ દરેકનું પરિસર બનતું હોય છે, તો એ રીતે વિચારીને ભગવાન શંકરનાં પરિવારની વાત કરીએ તો, માતા સતી એટલે કે બુદ્ધિ, તો બુદ્ધિમાં જ્યારે શંકા કે સંશયનો પ્રવેશ થાય, ત્યારે એનો પણ ત્યાગ કરવો! પાર્વતી એટલે શ્રદ્ધા! તો એને પ્રેમ માન સન્માન આપવું, એટલે કે શ્રદ્ધાની પુષ્ટિ કરવી. ગણેશ એટલે પરિપક્વ વિવેક પણ જ્યારે વિવેકનાં નામ પર બગાવત કરે તો એને પણ અહંકાર મુક્ત કરવા એનો છેદ કરવો. કાર્તિકેય એટલે શૂરવીરતા,પણ આપણાં બળ પર અહમ આવે ત્યારે એને નાથવું બહુ જરૂરી છે. ભગવાન શંકરનું વાહન નંદી એટલે કે ધર્મનાં વાહન પર બેસીને જીવન વિચરણ કરવું! અને સદા માનવતાનો ધર્મ પ્રેરિત થાય એવો વ્યવહાર કરવો.

હવે કરુણાનો મૂળ ભાવ એટલે કે આપવાની વૃત્તિ! આપણી માટે આમ તો આપવા માટે કંઈ એવું છે નહીં! છતાં ઈશ્વરે થોડું ઘણું કંઈ આપ્યું હોય, તો સામેવાળાના ગુણ દુર્ગુણ જોયા વગર એની જરૂરિયાતને મહત્વ આપી એને આપવું એ શંકરનો પહેલો સ્વભાવ છે. સમગ્ર સૃષ્ટિના હિતનું તો આપણે કેટલું વિચારી શકીએ! આપણા વિચારની પણ એક મર્યાદા છે! પરંતુ છતાં સમસ્ત સૃષ્ટિના હિત માટે સતત પ્રયત્નશીલ રહેવું, જેમકે પ્રકૃતિ સંવર્ધન વિશે વિચારવું! સામાન્ય રીતે દ્રષ્ટિથી જે દેખાતું હોય એ જ સત્ય નથી, એવી સમજણ કેળવવી, અને અન્ય સાથેનો વ્યવહાર સુમધુર રાખવો એ ત્રિનેત્રીનું મૂળ લક્ષણ છે, એટલે કે સમજણનું ત્રીજું નેત્ર અભ્યાસથી ખોલવું. વૈરાગ્ય પરિપક્વ થાય એ માટે સત્ય પ્રેમ ને કરુણાનું ત્રિપુંડ કરવું! આપણે સ્થૂળ રીતે તો મહાદેવના ઉપાસક છીએ એમ દર્શાવવા આવું કરતા હોઈએ છીએ, પણ સુક્ષ્મ રીતે એ સ્થિતિ તરફ જોતા પણ નથી. ગંગાને જટામાં સમાવી એટલે કે સાંસારિક વૃત્તિઓમાં પવિત્રતા રાખવી. ભાલમાં બીજનો ચંદ્ર એટલે કલા કે વિદ્યાની પ્રગતિ તરફ ધ્યાન કેન્દ્રિત કરી તેને પૂર્ણતા બક્ષવી. સામાજિક નિંદા ઈર્ષા કે અન્યના અન્ય પ્રકારના દૂષિત ભાવને બહાર જ રોકી દેવા અંદર પ્રવેશે નહીં, તેનું સતત ધ્યાન રાખવા સર્પનો શણગાર કર્યો. ડમરું નો નાદ પોતે શંકર છે, એને અન્યથી કોઈ લેવાદેવા નથી, એવી મસ્તીમાં રાખવા માટે છે. ત્રિશૂલ એટલે કે ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળનું મુખ્ય શૂળ, ભોગની લાલસા, એને નાથવા માટે. વાઘ ચર્મ પર આસન એટલે હિંસક વૃત્તિની સમાપ્તિ,ને અહિંસાનું આચરણ.

તો ભારતીય અધ્યાત્મદર્શનમાં જીવનું શિવ થવું એ શક્ય બતાવ્યું છે, અને જે ઈશ્વર નામે અધ્યાર તત્વ છે, એને આપણી અંદર જ મહેસુસ કરવાનું છે, અને એટલે જ અહમ બ્રહ્માસ્મીની વાત પણ આવી. આ સૂત્ર એક ખુમારી દર્શાવે છે, નહીં કે અહમ! પરંતુ આપણે એવી સ્થિતિ અર્જિત કર્યા વગર અહમ બ્રહ્માસ્મી થઈ, અને સમાજમાં આતંક ફેલાવીએ છીએ, જેને કારણે સામાજિક અશાંતિ છે. શિવ તત્વની પ્રાપ્તિ કે અનુભૂતિ એ અંતરને પ્રકાશિત કરનારી છે, અને એ ઈશ્વરમાં ઓતપ્રોત થઈ જતી એક એવી સ્થિતિ છે, કે જ્યાં દર્શન માત્રથી પવિત્રતાનો અનુભવ થાય,અને સર્વનાં કલ્યાણ માટેનો વિચાર આવે! આ ઉપરાંત જ્યાં સંસારમાં પણ સહજતાથી સંન્યાસ નિભાવી શકાય છે! અને સંન્યાસ એટલે વૃત્તિનો પરમ વૈરાગ્ય, સંન્યાસ એટલે જ્યાં મારું મારું સમાપ્ત, સંન્યાસ એટલે ગુણ દુર્ગુણની સમાપ્તિ, એટલેકે સર્વનો સ્વીકાર! બુદ્ધિની અનુગામી કક્ષા કે જ્યાં સરળ શ્રદ્ધાનું સ્થાપન, પરિપક્વ વિવેક,અને સંસ્કૃતિનાં રક્ષણ માટેની શૂરવીરતા હોય! તો શિવ, શંકર બંને ભિન્ન હોવા છતાં આપણે એ સ્થિતિ નિર્માણ કરીને શિવત્વ પ્રાપ્ત કરી શકીએ છીએ! આપણી સંસ્કૃતિ જ છે, કે જ્યાં માનવી પણ ઈશ્વરની ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકે છે! તો શિવત્વનાં આવાં ઉમદા વિચારોનાં પાયા પર ઉભેલી આપણી મહાન સંસ્કૃતિને આત્મસાત કરી જીવન ધન્ય બનાવીએ. બોલો ઓમ નમઃ શિવાય.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

જ્યાં જગ્યા મળે જ્યાં તક મળે ત્યાં બેસી જાય છે જૂગાર રમવાના શોખીનોઃ ગૃહિણીઓ પણ નથી પાછળ

# ‘બાવન પત્તા’થી હારજીત કરતાં ‘બાવન’ જૂગારરસિકો ઝડપાયા

## ક્રાઈમ બ્રાંચ, ગાંધીગ્રામ, થોરાળા, પ્ર.નગર, આજીડેમ અને બી-ડિવીઝન પોલીસના અંકુરનગર રોડ, મવડી, નાગેશ્વર, ચુનારાવાડ અને ઠકકરબાપા હરીજનવાસ મેઈન રોડ, રામવન પાસે અને વેલનાથપરા પુલ પાસે દરોડાઃ અઢી લાખ કબ્જે

રાજકોટ, તા. ૧૯

શહેરમાં શ્રાવણીયા જૂગાર રમનારા ઠેકઠેકાણે બેસી જાય છે. જ્યાં જેવી વ્યવસ્થા હોય એ રીતે પત્તા ટીચી નાંખે છે. ઘરમાં કે જાહેરમાં કે પછી કારખાનામાં એમ તક મળે ત્યાં આવા જૂગાર રસિકો પત્તા ટીચી હારજીત કરી લે છે. જો કે કાયદા કાનૂનની નજરે જૂગાર રમવો એ ગુનો ગણાતો હોઈ પોલીસ સતત આવા દરોડા પાડે છે. રાજકોટ શહેરમાં વધુ સાત દરોડામાં ક્રાઇમ બ્રાંચ, ગ્રાંધીગ્રામ, થોરાળા આજીડેમ, બી-ડિવીઝનઅને પ્ર.નગર પોલીસે દરોડા પાડી બાવન પત્તાથી હારજીત કરી રહેલા કુલ બાવન પતાપ્રેમીઓને પકડી લઇ અઢી લાખ જેવી રોકડ કબ્જે કરી હતી. આ પત્તાપ્રેમીઓમાં ચૌદ મહિલાઓ પણ સામેલ હતી.

વિગતો પર નજર કરીએ તો દોઢસો ફુટ રીંગ રોડ ઉમીયા ચોક પાછળ, અંકુરનગર મેઈન રોડ પર ન્યુ ગોપાલ પાર્ક શેરી નં. ૫, માં રહેતા હિરેન ઇશ્વરલાલ કુબાવત (ઉ.વ. ૩૪)ના મકાનમાં ક્રાઇમબ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ કરણભાઇ કોઠીવાળ, અમીતભાઇ ટુંડીયા, સંજયભાઇ અલગોતર અને અરવિંદભાઇ ફતેપરા સહિતના સ્ટાફે બાતમીના આધારે દરોડો પાડી જુગાર રમતા હિરેન ઉપરાંત વિશાલ જયેન્દ્રભાઇ ચૌહાણ (ઉ.વ.૪૪, રહે. નવલનગર શેરી નં ૯, મવડી), મહેન્દ્રસિંહ મહીપતસિંહ જાડેજા(ઉ.વ. ૪૮, રહે મારૂતીનગર શેરી નં. ૧૧, મવડી), દેવરાજ પ્રતાપભાઇ રાઠોડ (ઉ.વ.૩૧, રહે. મારૂતીનગર શેરી નં. ૧, ક્રિષ્ના ચોક, હુડકો), જયદીપ જયસુખભાઇ વાંક (ઉ.વ.૨૮, રહે. નવલનગર શેરી નં. ૪, મવડી), હાર્દિક રમેશભાઇ નકુમ (ઉ.વ. ૨૮, રહે. રામનગર શેરી નં. ૫, ગોંડલ રોડ)ને પકડી લીધા હતાં.

આ ઉપરાંત ઉપરોક્ત શખ્સોની સાથે સાથે ઉમંગ મહેશભાઇ દુધરેજીયા (ઉ.વ.૨૮, રહે. હુડકો, નાયરા પેટ્રોલપંપ પાસેની શેરી, કોઠારીયા), પ્રતિક અરવિંદભાઇ પરમાર (ઉ.વ. ૩૨, રહે. ગોપાલ પાર્ક શેરી નં.૧, અંકુરનગર મેઇન રોડ) અને ધીરૂ આલાભાઇ ડાંગર (ઉ.વ. ૫૩, રહે. નવલનગર શેરી ન. ૯, મવડી)ને રૂા.૪૧,૬૬૦ ની રોકડ સાથે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી.

બીજા દરોડાની વિગતો જોઇએ તો જામનગર રોડ પર નાગેશ્વર સોસાયટીમાં શુભ એપાર્ટમેન્ટમાં ફલેટ નં. ૧૦૪ માં રહેતા નિકુંજ મગનભાઇ ચુડાસમા(ઉ.વ. ૨૬) ના ફલેટમાંથી ગ્રાંધીગ્રામ પોલીસે જુગાર રમતા નિકુંજ તેમજ ગીતાબેન પરેશભાઇ તન્ના (ઉ.વ. ૩૫, રહે. ત્રિકુટ એપાર્ટમેન્ટ, નાગેશ્વર), રસીલાબેન રમેશભાઇ વસાવડા (ઉ.વ. ૫૦ રહે. રાધે ઉપવન સોસાયટી, નાગેશ્વર), મનીષાબેન પાર્થભાઇ ગોહીલ (ઉ.વ.૩૦, રહે. શ્રીમંત ઓનેકસ, ફલેટ નં. ૪૦૪, નાગેશ્વર), હિનાબેન અશ્વિનભાઇ સોની (ઉ.વ. ૫૬, રહે. મુંબઇ-અંધેરી વેસ્ટ, ડી.એસ.કે. બિલ્ડીંગ ફલેટ નં. ૨૦૧), ગીતાબેન મનસુખભાઇ ગોહેલ (ઉ.વ. ૬૦, રહે. નાગેશ્વર સંકલ્પ એપાર્ટમેન્ટ, ફલેટ નં. ૫૦૧), નીશાબેન પરેશભાઇ ત્રિવેદી (ઉ.વ. ૪૪, રહે. નાગેશ્વર જીનેશ્વર એપાર્ટમેન્ટ, ફલેટ નં. ૧૦૩), દક્ષાબેન અશોકભાઇ ધોરીયા (ઉ.વ. ૫૫, રહે. નાગેશ્વર તીર્થકર એપાર્ટમેન્ટ, ફલેટ નં. ૩૦૨) અને ધર્મેશ મગનભાઇ ચુડાસમા (ઉ.વ. ૨૯, રહે.



નાગેશ્વર શુભ પેલેસ એપાર્ટમેન્ટ, ફલેટ નં. ૧૦૪) ને પી.એસ.આઇ એ.બી. ઝાલા સહિતના સ્ટાફે રૂા.૧૦,૦૭ની રોકડ સાથે પકડી લીધા હતા.

જ્યારે ત્રીજા દરોડામાં મવડીમાં કસ્તુરી સોસાયટી પાસે, ઇસ્કોન હાઇટ્સમાં વિંગ-બીમાં ફલેટ નં. ૯૦૩માં રહેતાં જેનીશ સુરેશભાઇ વાછાણી(ઉ.વ. ૩૫)ના ફલેટમાં પી.એસ.આઇ.વી.ડી.રાવલીયા, હેડ કોન્સ્ટેબલ મુકેશભાઇ સબાડ, દિપકભાઇ ડાંગર, કોન્સ્ટેબલ મનીષભાઇ ચાવડા સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા જેશીશ ઉપરાંત ચંદુ દેવરાજભાઇ ખીરા (ઉ.વ. ૫૯, રહે. સ્પીડવેલ ગોલ્ડ એપાર્ટમેન્ટ, ફલેટ નં. ૧૦૪, જીવરાજપાર્ક, મવડી), કાંતિલાલ પરસોતમભાઇ માકડીયા (ઉ.વ. ૭૧, રહે.આફ્રિકા કોલોની શેરી નં.૩, ગાંધીગ્રામ), ચંદુલાલ નથુભાઇ જાટકીયા (ઉ.વ. ૬૫, રહે. જનકપુરી સોસાયટી, સાધુવાસવાણી રોડ), લખમણભાઇ મોહનભાઇ ઘરસંડીયા (ઉ.વ. ૭૫, રહે. બેકબોન પ્લેટીનમ એપાર્ટમેન્ટ, ફલેટ નં. એ-૧૦૨, સાધુવાસવાણી રોડ) અને નાનજીભાઇ ડાયાભાઇ ભાલોડીયા (ઉ.વ. ૭૨, રહે.: ગાંર્ડન સીટી એપાર્ટમેન્ટ, ફલેટ નં. બી-૭૦૨, સાધુવાસવાણી રોડ) ને રૂા. ૭૬,૨૦૦ની રોકડ સાથે પકડી લઇ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત ચોથા દરોડાની માહિતી જોઇએ તો શહેરનાં ઠકકરબાપા હરીજનવાસ મેઇન રોડ પર રહેતાં રીંકુબેન ભાર્ગવભાઇ વાઘેલા (ઉ.વ. ૨૫)ના મકાનમાંથી પ્ર.નગર પોલીસે જુગાર રમતા રીંકુબેન તેમજ મીનાબેન કિશોરભાઇ વાઘેલા (ઉ.વ.૫૫), પુજાબેન રાજુભાઇ વાઘેલા (ઉ.વ.૩૦), ચંદાબેન ગણપતભાઇ પરમાર (ઉ.વ. ૨૬), ધવલ રાજેશભાઇ ગોહેલ (ઉ.વ.૨૬),શ્યામ રાજુભાઇ સોલંકી (ઉ.વ. ૩૭), નિકુંજ હરીશભાઇ બારૈયા (ઉ.વ. ૨૬) અને બાબુ લાલજીભાઇ પરમાર (ઉ.વ. ૬૨રહે. બધા ઠકકરબાપા હરીજનવાસ મેઇન રોડ)ને પીએસઆઇ એસ.ડી. કોઠીવાર સહિતના સ્ટાફે રૂા.૧૨,૬૫૦ની રોકડ,ચાર ફોન સહિત કુલ રૂા.૫૦,૬૫૦ની રોકડ સાથે પકડી ગંજીપાના કબ્જે લીધા હતાં.

પાંચમા દરોડામાં ચુનારાવાડ ચોક પાસે, ચુનારાવાડ શેરી નં. ૬/૭ના ખૂણે રહેતા ગૌરીબેન કેશુભાઇ ઝંઝવાડીયા (ઉ.વ. ૫૫) ના મકાનમાંથી થોરાળા પોલીસના પીએસઆઇ ટી. ડી. જાડેજા સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા ગૌરીબેન તેમજ કાંતાબેન કનુભાઇ (ઉ.વ. ૫૦, રહે. ભગવતીપરા), માયાબેન રમેશભાઇ બાવળીયા (ઉ.વ. ૪૫, રહે. લાખાજીરાજ શેરી નં. ૧૩), રાકેશ રમેશભાઇ રોજાસરા (ઉ.વ. ૨૭, રહે. લાખાજીરાજ ઉદ્યોગનગર,ચુનારાવાડ શેરી નં. ૬/૭ નો ખૂણો) વિશાલ વિનોદભાઇ ગોહેલ (ઉ.વ. ૨૫, રહે. મનહરપરા, શેરી નં. ૬, ભાવનગર રોડ અને મીલન રમેશભાઇ રોજાસરા (ઉ.વ. ૨૩, રહે.: લાખાજીરાજ ઉદ્યોગનગર, ચુનારાવાડ શેરી નં. ૬/૭ નો ખૂણો)ને રૂા. ૧૮,૫૧૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

આ ઉપરાંત છઠ્ઠો દરોડો રામવન પાસે આદિત્ય ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં અશોક વાલજીભાઇગઢીયા (ઉ.વ. ૪૯, રહે. સરદારનગર શેરી નં.૧, ૮૦-ફુટ રોડ) ના કારખાનામાં, આજીડેમ પોલીસે દોરોડો પાડી જુગાર રમતા અશોક ઉપરાંત મનસુખ નાગજીભાઇ મોલીયા (ઉ.વ. ૪૨, રહે. શિવશ્રધ્ધા પાર્ક શેરી નં. ૧, ૮૦ ફુટ રોડ), સંજય શિવાભાઇ હિરપરા (ઉ.વ. ૩૩, રહે. રામેશ્વર એવન્યુ શેરી નં. ૪, સાંઇબાબા સર્કલ પાસે), રાજેશ જાદવજીભાઇ રામાણી (ઉ.વ. ૪૨, રહે. ભવનાથ સોસાયટી શેરી નં.૯, દેવપરા), સાગર જેઠાભાઇ ગઢીયા (ઉ.વ. ૩૩, રહે. ૩-મોચીનગર કોર્નર, હરીધવા માર્ગ), હસમુખ તુલશીભાઇ મુંગરા (ઉ.વ. ૪૫, રહે. સુવર્ણ હાઇટ્સ વિંગ-એ, ફલેટ નં. ૧૧૦૩, વગડ ચોકડી પાસે ) અને કેવલ દિનેશભાઇ સાવલીયા (ઉ.વ. ૩૩, રહે. શણગાર વાટીકા બ્લોક નં. બી-૧, કોઠારીયા રોડ)ને રૂા. ૧૬,૬૦૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

જ્યારે સાતમા દરોડામાં બી-ડિવીઝન પોલીસ ત્રાટકી હતી. મોરબી રોડ વેલનાથપરા પુલ પાસે સીતારામ સોસાયટી નજીક જાહેરમાં જુગાર રમતા રણજીત ધીરૂભાઇ દેત્રોજા, કજયપાલ ભરતભાઇ સીતાપરા રહે. બન્ને મોરબી રોડ), મુકેશ કાંતિલાલ હિરાણી (રહે.બજરંગ પાર્ક, મોરબી રોડ), રોહન ચિમનભાઇ મુછડીયા (રહે. સોહમનગર, રાજલક્ષ્મી ફાટક પાસે) મેહુલ રૈયાભાઇ ખાટકીયા (રહે. સીતારામ સોસાયટી પાસે), સહદેવ મહેશભાઇ ગોહેલ(રહે. વેલનાથપરા મેઇન રોડ), રવિ જેન્તીભાઇ ધાંધલ (રહે. સીતારામ સોસાયટી ) અને મેહુલ નરસિંહભાઇ લીંબાસીયા (રહે. પંચવટી સોસાયટી, મોરબી રોડ) ને બી-ડિવીઝન પોલીસે રૂા.૩૪,૩૦૦ની રોકડ કબ્જે કરી હતી. આમ બાવનપત્તાથી હારજીત કરતાં બાવનને પોલીસે દબોચ્યા હતાં. જેમાં ચૌદ મહિલાઓ પણ હતી.

ક્રાઈમ બ્રાંચના બે સ્થળે દરોડા

# વિદેશી દારૂના ચપલા અને બોટલો સાથે બે પકડાયા

રાજકોટ તા. ૧૯

વિદેશી દારૂના દરોડામાં વધુ બે શખ્સો પકડાયા હતાં. ભકિતનગર સ્ટેશન ઇન્ડસ્ટ્રીયલ એરીયા પાસેથી ક્રાઇમ બ્રાંચ બાઇકમાં દારૂનો જથ્થો લઇને નિકળેલા બે શખ્સોને દારૂના ૧૩૫ ચપલા સાથે પકડી લીધા હતા. ભકિતનગર સ્ટેશન ઇન્ડસ્ટ્રીયલ એરીયાની પાસેથી ક્રાઇમ બ્રાંચના એ.એસ.આઇ. યશવંતભાઇ ભગત, હેડ કોન્સ્ટેબલ અમિતભાઇ ટુડીયા, કરણભાઇ કોઠીવાર અને દિનેશભાઇ ફતેપરા સહિતના સ્ટાફે બાતમીના આધારે બાઇકમાં દારૂનો જથ્થો લઇને નિકળેલા અનિલ ધમુભાઇ ગુર્જર રહે. ચુનારાવાડ ચોક, શાકમાર્કેટ રોડ અને સાગર ઘનશ્યામભાઇ કલતારી (ઉ.વ.૨૬) રહે. ધરમનગર, ૧૫૦ ફૂટ રીંગ રોડને ઝડપી લઇ રૂા. ૨૨,૦૫૦ની કિંમતના દારૂના ૧૩૫ ચપલા અને બાઇક સહિત કુલ રૂા. ૫૨, ૦૫૦ નો



મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ ઉપરાંત દેવપરા મેઇન રોડ પર શ્રધ્ધા ચોક પાસેથી ક્રાઇમ બ્રાંચના હેડ કોન્સ્ટેબલ કરણભાઇ કોઠીવાળ સહિતના સ્ટાફે આકાશ મનોજભાઇ જાદવ રહે. શિયાણી સોસાયટી, ભવાની ચોક, જંગલેશ્વરને રૂા. ૩૪૫૦ની દારૂની ૨૩ બોટલ સાથે ઝડપી લીધો હતો. બંનેની વધુ પુછપરછ શરૂ કરવામાં આવી હતી.

# બે ભાઈઓની પોલીસ સાથે બટાઝટી તમારું કામ જ સરખું નથી કહી ડખ્ખો

## સહકારનગરનો બનાવઃ પાછળના મકાવાળા સાથે માથાકુટનો ફોન કરતાં પોલીસની ગાડી આવી પછી પોલીસ સાથે જ બખેડો ચાલુ કર્યો

રાજકોટ તા. ૧૯

સહકાર સોસાયટીમાં બે ભાઇઓએ સુલેહશાંતિનો ભંગ થાય એ રીતે પોલીસ સાથે ઉગ્રતાથી વાત કરી માથાકુટ કરતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. આ બનાવમાં ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં હેડકોન્સ. મોન્ટુભાઇ મકવાણાએ સહકાર સોસાયટી-૮માં રહેતાં અશ્વીન દલપતરાય ગોહેલ અને તેના ભાઇ પાર્થીવ દલપતરાય ગોહેલ વિરૂધ્ધ બખેડો કરવાનો ગુનો નોંધ્યો છે. મોન્ટુભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે પોલીસ કન્ટ્રોલ રૂમમાં અશ્વીન ગોહેલે ફોન કરી જાણ કરી હતી કે પોતાના મકાનની પાછળ આવેલા મકાનવાળા તેની સાથે બોલાચાલી કરે છે. આથી હું તથા હેડકોન્સ. જયભાઇ મકવાણા, એએસઆઇ કલ્પેશસિંહ ગોહિલ સહિતના ત્યાં પહોંચ્યા હતાં.

અમે ત્યાં પહોંચી ફોન કરનારને બહાર



બોલાવી શું થયું છે તે પુછતાં અશ્વીનભાઇ ગોહેલ અને પાર્થીવભાઇ ગોહેલ તથા તેના માતા ચંપાબેન અને અન્ય એક મહિલા ઘરની બહાર આવ્યા હતાં અને અમે અગાઉ અરજી કરી હતી, તમારુ પોલીસનું કામ સરખુ જ નથી, વારંવાર પોલીસ કન્ટ્રોલ રૂમ સહિતની જગ્યાએ ફોન કરુ છું કોઇ આવતું નથી. અમે બે વખત પોલીસની ગાડી બોલાવી હતી. તેમ કહી શેરીમાં જ જેમ ફાવે તેમ બોલવા લાગ્યા હતાં.

આ દરમિયાન ધર્મેન્દ્રભાઇ છગનભાઇ રાદડીયા આવેલા અને અશ્વીનભાઇને સમજાવવા લાગ્યા હતાં. ત્યારે અશ્વીનભાઇ અને તેના ભાઇ પાર્થભાઇએ ધર્મેન્દ્રભાઇને પણ તું તારુ કામ કર તેમ કહી તેની સાથે ઝપાઝપી કરવા માંડ્યા હતાં. અમે પોલીસે પણ બંને ભાઇઓને સમજાવવા છતાં બંને બેફામ વાણીવિલાસ કરી અમારી સાથે પણ યોગ્ય વર્તન કરતાં ન હોઇ અમારી સાથેના બીજા કર્મચારીઓ પણ શાંત પાડવા વચ્ચે પડ્યા હતાં. પરંતુ માથાકુટ કરનારા આ બંને સમજતાં ન હોઇ બીજા સ્ટાફને બોલાવતાં પીએસઆઇ એસ. એચ. ગોહિલ, સુજાતાબેન, મમતાબેન સહિતના આવી ગયા હતાં. આ પછી બંને ભાઇઓને પોલીસે કાબુમાં કરી પોલીસ સ્ટેશને લાવી કાર્યવાહી કરી હતી.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ

# નંબર પ્લેટ વગરના વાહનોને ઈંધણ નહિ મળે




રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેરમાં વાહન માલિકો કે ચાલકો સી.સી.ટી.વી. આધારિત ઈ-ચલણથી બચવા અથવા ગુનાહિત પ્રવૃત્તિઓ આચરવા માટે વાહનોની રજિસ્ટ્રેશન નંબર પ્લેટ કાઢી નાખી, વાળેલી કે અસ્પષ્ટ રાખી વાહનો ચલાવતા હોવાનું ધ્યાન પર આવ્યું છે. જેને અટકાવવા શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેમાં નીચે મુજબ સૂચનાઓ આપવામાં આવી છે.

રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કાર્યરત તમામ પેટ્રોલ પંપ, ડીઝલ ડિસ્પેન્સિંગ સ્ટેશન તથા સી.એન.જી. સ્ટેશનો દ્વારા આગળ અને પાછળ બંને બાજુએ સ્પષ્ટ, દ્રશ્યમાન અને કાયદેસર માન્ય હાઇ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (HSRP) ન હોય તેવા કોઈપણ દ્વિચક્રી, ત્રિચક્રી કે ફોર વ્હીલર વાહનોને પેટ્રોલ, ડીઝલ કે સી.એન.જી. પૂરું પાડવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. નંબર પ્લેટ કાઢી નાખેલી, વાળેલી, તૂટેલી, ઢાંકેલી, ભૂંસાયેલી (ઘસારાના લીધે વાંચી ન શકાય તેવી), માટી, કીચડ વગેરેથી મેલી થવાથી અસ્પષ્ટ થયેલી કે જેમાં અક્ષર / અંકના કદ, રંગ કે બનાવટમાં ફેરફાર કરેલો હોય તેવા વાહનોને પણ આ પ્રતિબંધ લાગુ પાડનાર હોવાની તાકીદ કરાઈ છે. માન્ય કામચલાઉ રજિસ્ટ્રેશન, ટ્રેડ સર્ટિફિકેટ ધરાવતા નવા વાહનો તેમજ એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને અન્ય કટોકટીની સેવાના વાહનોને આમાંથી મુક્તિ આપવામાં આવી છે.

તમામ ઈંધણ સ્ટેશનોના સંચાલકોએ તેમના પ્રવેશદ્વાર અને ડિસ્પેન્સિંગ યુનિટ પાસે ગુજરાતી અને હિન્દી/અંગ્રેજી ભાષામાં ‘‘પોલીસ કમિશનર, રાજકોટ શહેરના હુકમ અનુસાર નંબર પ્લેટ નહીં, તો ઈંધણ નહીં. માન્ય રજિસ્ટ્રેશન નંબર પ્લેટ વગરના વાહનને ઈંધણ આપવામાં આવશે નહીં.‘‘ લખાણ ધરાવતા ઓછામાં ઓછા ૪x૩ ફુટના સૂચના-બોર્ડ સ્પષ્ટપણે તાત્કાલિક પ્રદર્શિત કરવાની તાકીદ કરાઈ છે.

ગુજરાત પબ્લિક સેફ્ટી એક્ટ - ૨૦૨૩ મુજબ તમામ પેટ્રોલ પંપ અને સી.એન.જી. સ્ટેશનો પર પ્રવેશ અને બહાર નીકળવાના ગેટ પર વાહનની નંબર પ્લેટ અને ચાલકનો ચહેરો સ્પષ્ટ કેપ્ચર થાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવી તેના ફૂટેજ ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સાચવી રાખવાના રહેશે, તેમજ પોલીસ અધિકારી દ્વારા માંગણી થયેથી તાત્કાલિક પૂરા પાડવાની સુચના આપી દેવાઈ છે.

### વાહન ચાલકની દાદાગીરી નહિ ચાલે

જો કોઈ વાહનચાલક વાહનમાં નંબર પ્લેટ ન હોવાના કારણોસર ઈંધણ આપવાનો ઈનકાર કરવા બદલ રકઝક કરે, ધાકધમકી આપે, બળનો ઉપયોગ કરે કે અવ્યવસ્થા ઊભી કરે તો સંચાલકોએ તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનને અથવા ૧૧૨૦ નંબર પર જાણ કરવાની રહેશે. આ જાહેરનામું તા.૧૬/૧૦/૨૦૨૬ સુધી (કુલ ૬૦ દિવસ) અમલમાં રહેશે. આવા આદેશનો ભંગ કરનાર વાહન માલિક, ચાલક કે પેટ્રોલ પંપના સંચાલક/કર્મચારી સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેવી જાહેરનામાંમાં તાકીદ કરવામાં આવી છે.

### ગઠીયાઓ ગમે તેમ કરીને ગામને છેતરીને ભરી લે છે પોતાના ગજવાઃ વધુ ત્રણ ફ્રોડ

# યુવાનને બોસના નામે મેસેજ કરી ત્રીસ લાખ પડાવ્યા

## બીજી ઘટનામાં યુવતિને બ્લેકમેઈલ કરી રોકડા અને આઇફોનની માંગણી કરીઃ ત્રીજી ઘટનામાં એંસી હજાર સામે પોણા ચાર લાખ વસુલ્યા પછી પણ દાગીના બારોબાર વેંચી માર્યા

રાજકોટઃ સાયબર ક્રાઇમના રોજબરોજ બની રહેલા બનાવો વચ્ચે વધુ બે ઠગાઇ થઇ હતી. જેમાં એક કિસ્સામાં એક એકાઉન્ટન્ટ યુવાન પાસેથી બોસના નામે વ્હોટ્સએપ પર મેસેજ કરી ત્રીસ લાખ ટ્રાન્સફર કરાવી લેવાયા હતાં. તો બીજી તરફ એક એન્જિનીયર યુવીતને બદનામ કરવાની ધમકી આપી નાણા અને આઇફોનની માંગણી કરવામાં આવી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો આમદાવાદ પાલડીમાં આવેલી એક ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા નિકુંજ ગાંધી કે જે ગાંધીનગર રહે છે સાથે વોટ્સએપ પર ઠગાઈ આચરવામાં આવી છે. સાયબર ગઠિયાએ નિકુંજના બોસ વિનોદનો ફોટો વોટ્સએપ પર રાખીને મેસેજ કર્યો હતો. ગઠિયાએ પોતે અગત્યની મીટિંગમાં વ્યસ્ત હોવાનું કહી એક પાર્ટીને તાત્કાલિક પેમેન્ટ આપવાનું બહાનું બતાવ્યું હતું. તેણે એકાઉન્ટન્ટ પાસેથી દૈનિક લિમિટ જાણીને કુલ ત્રીસ લાખ રૂપિયા ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લીધા હતા.

યુવાનને પોતાના બોસ જ પૈસા ટ્રાન્સફર કરવાનું કહે છે તેવો વિશ્વાસ આવી જતાં અને બોસ જે તે વખતે મિટીંગમાં હશે તેને ડીસ્ટર્બ ન કરાય તેમ સમજી ત્રીસ લાખ ટ્રાન્સફ કરી દીધા હતાં. જો કે ગઠીયાએ આ પછી વધુ વીસ લાખની માંગણી કરી હતી. આ વધારાની રકમ માટે ચેક પર સહી કરાવવા નિકુંજ જ્યારે બોસ પાસે રૂબરૂ ગયા ત્યારે તેણે આવો કોઈ મેસેજ ન કર્યો હોવાનો ઘટસ્ફોટ થયો હતો. પોતે છેતરપિંડીનો ભોગ બન્યાનું માલૂમ પડતાં સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આવી જ બે ઠગાઇ રાજકોટમાં પણ થઇ હતી. જેમાં લાખો રૂપિયાની છેતરપીંડી બોસના નામે કરવામાં આવી હતી.

બીજી ઠગાઈની ઘટના જોઇએ તો નવરંગપુરામાં આઇટી એન્જિનિયર યુવતીને રૂપિયા ૭૭ના રેપીડો રાઇડ વિવાદ બાદ ફેક ઈન્સ્ટાગ્રામ આઇડી બનાવી બદનામ કરવાની ધમકી આપી ?૭૭ હજાર અને આઇફોનની માંગણી કરાઈ. જ્યારે પાલડીમાં ખાનગી કંપનીના એકાઉન્ટન્ટ પાસેથી બોસના નામે વોટ્સએપ પર મેસેજ કરી રૂપિયા ૩૦ લાખ ટ્રાન્સફર કરાવી લેવાયા. પોલીસે બંને મામલે તપાસ હાથ ધરી હતી. જ્યારે બીજા કિસ્સામાં નવરંગપુરામાં રહેતી અને ૮૯



એન્જિનિયર તરીકે કામ કરતી યુવતીએ ગત ૨૩મી મેના રોજ ઓનલાઇન બાઇક રાઇડ મારફતે પાર્સલ મોકલ્યું હતું. ૭૭ રૂપિયાનું ભાડું ઓનલાઇન ચૂકવ્યા બાદ પણ ડિલિવરી બોયે પૈસા ન મળ્યાની જીદ પકડી ઘર સુધી આવી ગેરવર્તન કર્યું હતું. યુવતીએ ફરિયાદ નોંધાવ્યા બાદ ૨૬મી મેથી તેના ફોન પર અઢળક ઓટીપી આવવા લાગ્યા હતા.

ત્યારબાદ આરોપીએ યુવતીના નામે ફેક ઈન્સ્ટાગ્રામ આઇડી બનાવી ફોટા સાથે અશ્લીલ લખાણ મૂક્યું હતું તેમજ ઓફિસના ઈમેઈલ પર પણ બિભત્સ શબ્દો વાપર્યા હતા. યુવતીએ આ ફેક આઇડી ચલાવનારનો સંપર્ક કરતાં, આરોપીએ માફી માગવાના બદલામાં ૭૭ હજાર રૂપિયા રોકડા અને એક આઇફોન માગ્યો હતો. પૈસા ન આપે તો મિત્રોને ફોટા મોકલી બદનામ કરવાની ધમકી આપી હતી. આ મામલે નવરંગપુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

ઠગાઇના અન્ય એક કિસ્સામાં અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં ગીરો મુકેલા સોનાના દાગીના પરત ન આપીને બારોબાર વેચી મારવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. નાણાકીય જરૂરિયાત પેટે ૮૦ હજારની લોન સામે વૃદ્ધે ૩.૭૧ લાખ જેટલું તોતિંગ વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં, જ્વેલર્સે તેમના સોનાના દાગીના વર્ષો પહેલાં જ વેચી નાખ્યા હોવાનું સામે આવતાં મણિનગર પોલીસ સ્ટેશનમાં ફોજદારી ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ ફરિયાદ અનુસાર, ઘોડાસર વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય નિવૃત્ત વૃદ્ધ ગફુરભાઈ રબારીને વર્ષ ૨૦૧૪માં પૈસાની જરૂરિયાત ભી થઈ હતી. આથી, તેમણે મણિનગર રેલવે ક્રોસિંગ નજીક આવેલી 'ચિરાગ જ્વેલર્સ' ના સંચાલક ચિરાગ શાહ પાસે પોતાના સોનાના દાગીના ગીરો મૂક્યા હતા. સોનાની બે બંગડીઓ અને બે પાટલા મળી અલગ-અલગ તારીખે કુલ ૮૦,૦૦૦ની રકમ મેળવી હતી.

વધુ માહિતી અનુસાર ગફુરભાઈએ વર્ષ ૨૦૧૪થી ૨૦૨૧ સુધીના સમયગાળા દરમિયાન અલગ-અલગ સમયે નિયમિતપણે કુલ ૩,૭૧,૦૦૦ જેટલું તોતિંગ રોકડ વ્યાજ જ્વેલર્સને ચૂકવી આપ્યું હતું. છેલ્લા બે વર્ષથી તેઓ પોતાની બાકી નીકળતી મૂળ રકમ ચૂકવીને દાગીના પરત લેવા તૈયાર હતા. જોકે, જ્વેલર્સ ચિરાગ શાહ દ્વારા દાગીના બેંક લોકરમાં છે, લોકરની ચાવી ખોવાઈ ગઈ છે એવા ખોટા બહાના બતાવીને લાંબા સમય સુધી દાગીના પરત કરવામાં આવ્યા નહોતા. અવારનવાર ધક્કા ખાધા બાદ આખરે ગફુરભાઈએ પોતાના સોનાના દાગીના પરત મેળવવા કડક ઉઘરાણી કરતાં જ્વેલર્સ ચિરાગ શાહે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે, તેમણે આ દાગીના વર્ષ ૨૦૧૭ પહેલાં જ બારોબાર વેચી નાખ્યા છે. આમ એંસી હજાર સામે લાખો રૂપિયા વ્યાજ પેટે વસૂલી લીધા બાદ પણ સોનું વેચી મારી વિશ્વાસઘાત આચરવામાં આવ્યો હોવાનો અહેસાસ થતાં, ભોગ બનનાર વૃદ્ધે મણિનગર પોલીસ સ્ટેશનમાં ચિરાગ જ્વેલર્સના માલિક ચિરાગ શાહ વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી.

### સોશિયલ મિડીયા પર લાલચની જાળ બિછાવી ખેલ પાડવાનો વધુ એક કિસ્સો

# નફો લેવા જતાં લાગ્યો ચૂનો

## યુવાનને ટેલિગ્રામથી ફસાવ્યોઃ બીજી તરફ કાપડના વેપારીઓને કરોડોનો ચૂનો લગાવનાર ગઠીયો ઝડપાઇ ગયો

રાજકોટઃ સાયબર ફ્રોડના કિસ્સાઓ એક ભુલો ત્યાં બીજા દસ બાર હાજર હોય છે. રોજબરોજ કોઇને કોઇ છેતરાઇ જાય છે. વધુ એક ઘટના સામે આવી હતી જેમાં ટેલીગ્રામ મારફત યુવાનને ફસાવી ક્રિપ્ટોમાં રોકાણ કરી કમાણી કરવાની લાલચ આપી પોણા ત્રણ લાખ પડાવી લેવાયા હતાં. આ કિસ્સામાં પોલીસ એક આરોપી સુધી પહોંચી હતી. બીજી તરફ કાપડના વેપારીઓને છેતરી બાર કરોડ ઉસેડી જનારા ગઠીયાને પોલીસે દબોચી લીધો હતો. ડીસી એન્ટરપ્રાઇઝના નામે વિશ્વાસ કેળવી તેણે વેપારીઓનો માલ ઉઠાવ્યો હતો અને બાદમાં ગાયબ થઇ ગય હતો.

પ્રથમ ફ્રોડની ઘટના પર નજર કરીએ તો સુરત ગ્રામ્ય પોલીસ હેઠળના બારડોલી ટાઉન પોલીસે બે લાખ છ્યાંસી હાજર સત્યોતેરની સાયબર છેતરપિંડીના વણશોધાયેલા ગુનાનો સફળતાપૂર્વક ભેદ ઉકેલીને પોતાના બેંક ખાતાનો ઉપયોગ નાણાં સગેવગે કરવા માટે ભાડે આપનાર એક આરોપીની ધરપકડ કરી હતી. વિગતો જોઇએ તો અજાણ્યા ગઠિયાઓએ ફરિયાદી યશ તિવારીને ટેલિગ્રામ પર કોઇનબેઝ નામની લિંક મોકલી ક્રિપ્ટો કરન્સીમાં સારા વળતરની લાલચ આપી હતી. ગઠિયાઓએ તેમની પાસેથી કુલ રૂપિયા ૨,૮૬,૩૭૭ અલગ-અલગ ખાતાઓમાં ઓનલાઇન ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરી હતી. આ મામલે બીએનએસ આઇટી એક્ટ હેઠળ ગુનો નોંધી, સુરત વિભાગના એસપી પ્રેમ વીર સિંહ અને ભ્ રાજેશ ગઢિયાની સૂચના મુજબ બારડોલી ડીવાયએસપી




એચ.એલ. રાઠોડના માર્ગદર્શનમાં પીઆઇ વી.એ. સેંગલે ચોક્કસ એક્શન પ્લાન બનાવી સમન્વય પોર્ટલ તેમજ ટેક્નિકલ સર્વેલન્સથી તપાસ આગળ ધપાવી હતી.

પોલીસે શરૂ કરેલી તપાસ દરમિયાન સુરતના તાડવાડી વિસ્તારમાં રહેતા અને મૂળ કોડીનારના પાર્થગીરી નિલગીરી ગૌસ્વામી નામના શખ્સે પોતાના આર્થિક ફાયદા માટે આ સાયબર ફ્રોડની રકમ સગેવગે કરવા પોતાનું બેંક ખાતું ભાડે આપ્યું હોવાનું ખુલતાં પોલીસે તેની અટકાયત કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી. આ શખ્સે બીજા કેટલાક ફ્રોડ આચર્યાની શંકાએ વિશેષ પુછતાછ આગળ ધપાવાઇ હતી.

બીજી તરફ સુરત શહેર અને મુંબઈના કાપડ વેપારીઓ સાથે કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવી છેલ્લા ૨ વર્ષથી નાસતા ફરતા રીઢા આરોપી ચિરાગ હિંમતભાઈ ઢોલા નામના હાલ સુરતમાં જ રહેતાં શખ્સને સુરત ક્રાઇમ બ્રાંચે સાયણ રોડ, અમરોલી વિસ્તારમાંથી બાતમીના આધારે દબોચી લીધો છે. આરોપી ચિરાગ સામે અગાઉ કોર્ટે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ ઇસ્યુ કર્યું હતું. આરોપી વરાછા ખાતે ડી.સી. એન્ટર-પ્રાઇઝના નામે દુકાન ચલાવી દલાલો સાથે મળી ગુનાહિત કાવતરું રચી વેપારીઓને વિશ્વાસમાં લઈ કરોડો રૂપિયાનો માલ પડાવી લેતો હતો. સુરત ઇકો સેલમાં નોંધાયેલા રૂ. ૧,૪૫,૩૩,૩૯૮ ના ગ્રે કાપડ ચીટિંગ કેસમાં અગાઉ ૧૨ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

ત્યારબાદ આરોપીઓએ કાપડ દલાલ સાહિલ શેઠ મારફતે વેપારી બિપીનભાઈ ગાબાણી પાસેથી પિસ્તાલીસ દિવસમાં પેમેન્ટ ચૂકવવાની શરતે માલ ખરીદી પેમેન્ટ કર્યું ન હતું. આ તપાસ દરમિયાન ચિરાગ ઢોલા પોલીસ પકડથી દૂર ભાગતો રહ્યો હતો, જેને ક્રાઇમ બ્રાંચે ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી માટે વરાછા પોલીસને સોંપ્યો હતો. આરોપી ચિરાગ ઢોલા સુરત અને મુંબઈના કુલ ૫ ગંભીર ગુનાઓમાં વોન્ટેડ હતો સુરત ઇકો સેલ રૂ. ૧,૪૫,૩૩,૩૯૮ની છેતરપિંડી, વરાછા પોલીસ સ્ટેશનેં ભક્તિ ફેશનના માલિક સાથે રૂ. ૯,૦૬,૦૭૦ ની છેતરપિંડી, ખટોદરા પોલીસ સ્ટેશનેં સચિન જીઆઇડીસીના વેપારી સાથે રૂ. ૧૫,૫૩,૪૩૫ની સાડી ચીટિંગ, મુંબઈ લોકમાન્ય તિલક માર્ગના કોઠારી ફેબ સાથે રૂ. ૧૦,૧૪,૬૮,૩૧૬નું કાપડ કૌભાંડ જેમાં ચિરાગની પેઢીએ રૂ. ૨,૯૬,૩૫,૧૧૮નો માલ લીધો હતો, મુંબઈ લોકમાન્ય તિલક માર્ગ પોલીસ સ્ટેશન હેઠળ વેપારી કમલેશ જૈન સાથે રૂ. ૮૬,૦૩,૩૩૪ની ઠગાઈ અને ચેક બાઉન્સ કેસનો કેસ હતો. આમ મસમોટી ઠગાઇમાં અંતે આરોપી હાથમાં આવી ગયો હતો.

# સાત વર્ષ દેહ પીંખીને લગ્નનો નનૈયો

## પ્રેમના ઓઠા તળે હવસખોરીઃ વધુ એક લેભાગુએ યુવતિને દીધો દગો : યુવતિએ નોંધાવી દૂષ્કર્મની ફરિયાદઃ બીજા કિસ્સામાં સગીરા સાથે બળજબરી આચરનારા હવસખોરને વીસ વર્ષની કેદની સજા



રાજકોટઃ દૂષ્કર્મની ઘટનાઓ અવાર-નવાર પોલીસ ચોપડે ચડે છે. વધુ એક બનાવમાં એક યુવતિને લગ્નની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી હતી. સાત વર્ષ સુધી આ શખ્સે પ્રેમના નામે ખેલ ખેલી વારંવાર દેહ પીંખ્યો હતો. પરંતુ છેલ્લે લગ્નની ના પાડી દીધી હતી. આથી તેણીએ પોલીસની મદદ લીધી હતી. બીજી તરફ દૂષ્કર્મના એક કેસમાં સગીરા સાથે બળજબરી આચરવાના આરોપસર એક હવસખોરને વીસ વર્ષની કેદની સજા અને ચાર લાખનું વળતર ચુકાવવાનો ચુકાદો પોક્સો કોર્ટએ આપ્યો હતો.

દૂષ્કર્મની ઘટના પર નજર કરીએ તો સુરત જિલ્લાના અનાવલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લગ્નની લાલચ આપી યુવતી સાથે વિશ્વાસઘાત અને શારીરિક શોષણનો કિસ્સો સામે આવ્યો છે. અનાવલ પોલીસે અઠ્ઠાવીસ વર્ષીય યુવક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બારામાં પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અંબિકા તાલુકાના એક ગામની છવ્વીસ વર્ષીય યુવતીએ અનાવલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર, વલવાડા ગામના શ્રેયશ પટેલ નામના યુવકે છેલ્લા સાત વર્ષથી યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. તેણે યુવતીને લગ્ન કરવાની ખાતરી આપી હતી.

આ પછી આરોપી શ્રેયશે યુવતીને અવારનવાર જુદી જુદી જગ્યાઓએ ફરવા લઈ જઈ લગ્નની લાલચ આપી તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. લાંબા સમય સુધી યુવતીનું શોષણ કર્યા બાદ તાજેતરમાં શ્રેયશ પટેલે યુવતી સાથે લગ્ન કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. યુવકે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરતા પીડિત યુવતીએ હિંમત દાખવી અનાવલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે યુવક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર કે. સી. પારગી દ્વારા હાથ ધરવામાં આવી હતી.

બીજી તરફ ગાંધીનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટે અમદાવાદની ચાંદખેડાની ૧૫ વર્ષીય સગીરાને ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી દુષ્કર્મ આચરનાર આરોપી કમલેશ ઉર્ફે કાળાભાઈ રબારીને ૨૦ વર્ષની સખત કેદની સજા અને ૨૩ હજારનો દંડ ભોગવવાનો હુકમ કર્યો છે. ઉપરાંત ભોગ બનનાર પીડિતાને ચાર લાખનું વળતર ચુકવવા પણ હુકમ કર્યો છે. આ કેસની વિગત મુજબ, અમદાવાદના સાબરમતી વિસ્તારમાં રહેતા કમલેશ કલાભાઈ ઉર્ફે કાળાભાઈ રબારીએ વર્ષ ૨૦૨૩માં ૧૫ વર્ષની સગીરા સાથે મિત્રતા કેળવી તેને લગ્નની લાલચ આપી હતી. બાદમાં ગત ૧૭ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ આરોપી સગીરાને ભગાડીને ખેડબ્રહ્માના શ્યામનગર ખાતે માણેકનાથના મંદિર પાસે આવેલી એક અવાવરું જગ્યાએ લઈ ગયો હતો. જ્યાં આરોપીએ સગીરાની મરજી વિરુદ્ધ અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું.

આ અંગે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ તપાસ પૂર્ણ કરી પોક્સો કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. આ કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ સુનિલ એસ.પંડ્યાએ કોર્ટ સમક્ષ દલીલો કરી હતી કે, આરોપીએ સગીરાની નાની ઉંમરનો લાભ ઉઠાવી જે ખરાબ કૃત્ય કર્યું છે. તે બદલ તેને કડક સજા થવી જોઈએ. જેથી ભવિષ્યમાં આવા ગુના આચરતા લોકોમાં ડર રહે અને સમાજમાં એક મજબૂત દાખલો બેસે. જેના પગલે બીજા એડિશનલ સેશન્સ જજ એસ. વી. શર્માની કોર્ટે સરકારી વકીલની દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખી આરોપીને કસૂરવાર ૨૦ વર્ષની સખત કેદની સજા અને ઉપરાંત, આરોપીને કુલ રૂ. ૨૩ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. ઉપરાંત ભોગ બનનાર સગીરાને તેના પુનર્વસન માટે રૂ. ૪ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપ્યો હતો.

### પારકા દેશમાં જઇ બેપાંદડે થવાના સપના જોનારા વધુ લોકો છેતરાયા

# યુકે-દુબઈના વર્ક પરમીટના નામે લાખોની ઠગાઈ

## બાપ-બેટાએ મળી એક યુવાનના સાડા ચાર લાખ કટકટાવ્યા, એક કહેવાતા એજન્ટે ફુલ નહિ તો ફુલની પાંખડી મુજબ એક લાખ દસ હજારનું કરી નાંખ્યું

રાજકોટઃ વિદેશ જવા ઇચ્છુક અનેક છેતરાઇ ગયા છે અને હજુ પણ છેતરાઇ ગયા છે, એમ પણ કહી શકાય કે આટઆટલા આવા બનાવ બની રહ્યા છે છતાં કેટલાક છેતરાઇ જવા માટેની કતારમાં ઉભા છે! વધુ બે આવી ઘટના સામે આવી હતી. જેમાં એક કિસ્સામાં કેનેડાના વર્ક પરમીટના નામે પિતા-પુત્રએ મળી એક યુવાનને સાડા ચાર લાખનો ચૂનો લગાવ્યો હતો. બીજા બનાવમાં એક યુવાન સાથે દુબઇના વર્ક પરમીટના નામે એક લાખ દસ હજારની ઠગાઇ થઇ હતી. બંને કિસ્સામાં લેભાગુ કહેવાતા એજન્ટોએ ફુલ નહિ તો ફુલની પાંખડી મુજબ જે રકમ મળી તે વિઝા કરાવી દેવાના નામે ઉસેડી લીધી હતી અને બાદમાં વિઝાને બદલે ઠેંગો બતાવી દીધો હતો.

પ્રથમ આવા ફ્રોડની ઘટના જોઇએ તો વડોદરા શહેરમાં વિદેશ જવા ઇચ્છુક નાગરિકો સાથે છેતરપિંડીના બનાવો સતત વધી રહ્યા છે, ત્યારે ગેંડા સર્કલ પાસે ગ્લોબલ સોલ્યુશન નામની વિઝા કન્સલ્ટન્સી ઓફિસના સંચાલક પિતા-પુત્ર દ્વારા કેનેડાના વર્ક પરમિટ તથા પી.આર. વિઝા અપાવવાના બહાને એક પરિવાર પાસેથી રૂપિયા ૧૨ લાખ પડાવી લઈ છેતરપિંડી આચર્યાનો કિસ્સો સામે આવ્યો હતો. વધુ માહિતી મુજબ સોમાતળાવ વિસ્તારમાં સિલ્વર લીફ ડુપ્લેક્સમાં રહેતા ચુમાલીસ વર્ષીય ગૌરાંગભાઈ ઇન્દ્રવદનભાઈ પટેલે ફરિયાદ નોંધાવી છે કે, કેનેડાના વર્ક પરમિટ વિઝા તેમજ પત્ની રીનલ પટેલ અને બે બાળકો માટે પી.આર.વિઝા મેળવવાના હતા. આ દરમિયાન ફેસબુક પર ગ્લોબલ સોલ્યુશનની જાહેરાત જોઈ હતી.

ત્યારબાદ તેમણે સંપર્ક કર્યો હતો. ગેંડા સર્કલ નજીક એટલાન્ટીક હાઇટ્સની ઓફિસમાં સંચાલક કૃણાલ યોગેશભાઈ ઠક્કર સાથે મુલાકાત થતાં સમગ્ર વિઝા પ્રોસેસનો કુલ ખર્ચ રૂપિયા ૪૮.૫૦ લાખ નક્કી થયો હતો, જેમાંથી પ્રોસેસ શરૂ કરવા પેટે રૂપિયા




બાર લાખ એડવાન્સ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ફરિયાદીએ વિશ્વાસ રાખી બેંક ખાતામાંથી તેમજ રોકડેથી તબક્કાવાર રીતે રૂપિયા ૧૨ લાખ ચૂકવી આપ્યા હતા અને આ અંગે નોટરી સમક્ષ કરાર પણ કરવામાં આવ્યો હતો. એજન્ટે ૮થી ૯ માસમાં વિઝા થઈ જશે તેવી ખાતરી આપતા ગૌરાંગભાઈએ આઇઇએલટીએસની પરીક્ષા આપી ૫ બેન્ડ મેળવ્યા હતા અને પતિ-પત્નિ બંનેએ મેડિકલ ચેકઅપ કરાવી તમામ જરૂરી દસ્તાવેજો કૃણાલ ઠક્કરને સોંપ્યા હતા. ત્યારબાદ ડિસેમ્બર-૨૦૨૪માં કૃણાલ ઠક્કરે કેનેડાના સેમિનારમાં જવાનું કહી ત્યાંથી પરત આવીને કામ પૂરું કરી આપવાનો વાયદો કર્યો હતો.

જો કે, કેનેડા ગયા બાદ તે પરત ભારત આવ્યો ન હતો અને ફોન પર યોગ્ય જવાબ આપવાને બદલે ગલ્લાંતલ્લાં કરવા લાગ્યો હતો. કામ ન થતાં ફરિયાદીએ પોતાના નાણાં પરત માંગ્યા હતા, જેથી કૃણાલના પિતા યોગેશ મહેન્દ્રભાઈ ઠક્કરે બાર બાર લાખ ચૂકવી આપવાની ખાતરી આપી હતી. પિતા યોગેશ ઠક્કરે ટુકડે-ટુકડે માત્ર સાડા સાત લાખ પરત આપ્યા હતા, જ્યારે બાકી નીકળતી રૂપિયા ૪,૫૦,૦૦૦ની રકમ પરત કરી ન હતી. વિશ્વાસઘાત આચરવા બદલ ગૌરાંગભાઈ પટેલે કૃણાલ યોગેશભાઈ ઠક્કર અને યોગેશ મહેન્દ્રભાઈ ઠક્કર વિરુદ્ધ પોલીસ મથકે કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

બીજી આવી ઘટના જોઇએ તો વડોદરામાં વિદેશમાં નોકરી અપાવવાના બહાને છેતરપિંડી આચરતા બે વિઝા એજન્ટો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. અરવલ્લીના બાયડ તાલુકાના ચોઘલા ગામના ખેડૂત યુવક મીતકુમાર પટેલને દુબઈમાં વર્ક પરમિટ અપાવવાની લાલચ આપી વડોદરાના બે શખ્સે કુલ રૂ. ૧.૧૦ લાખ પડાવી લીધા હતા. નાણાં મેળવ્યા બાદ પણ વિઝા કે મેડિકલ ન કરાવી છેતરપિંડી આચરવામાં આવતાં યુવકે ફરિયાદ નોંધાવી હતી. યુવકનો સંપર્ક ઈન્સ્ટાગ્રામ મારફતે વડોદરાના વાસણા રોડ સ્થિત સ્કાયબ્લીઝ ગ્રુપના સંચાલક રાહુલ -વિણભાઈ રાજપૂત સાથે થયો હતો. આર.કે. પ્લાઝા સ્થિત ઓફિસે મુલાકાત દરમિયાન દુબઈની નોકરી માટે રૂ. ૧,૩૦,૦૦૦નો ખર્ચ થશે તેમ કહીને ઓનલાઇન માધ્યમથી તબક્કાવાર પૂરેપૂરી રકમ મેળવી લેવામાં આવી હતી.

આ પછી તમામ નાણાં ચૂકવી દીધા બાદ આરોપીના ભાગીદાર અક્ષય રજનીકાંત પટેલે પૂરતું પેમેન્ટ નથી મળ્યું તેમ કહી મેડિકલ કે ટિકિટ કરાવવાની ના પાડી દીધી હતી. તેણે યુવક પાસે ગેરકાયદે રીતે વધુ રૂ. ૩૮,૫૦૦ની માગણી કરી હતી અને રૂપિયા ન આપે તો પાસપોર્ટ પરત ન આપવાની ધમકી આપી હતી. સામા પક્ષે રાહુલ રાજપૂતે પાર્ટનરને નાણાં આપી દીધાનું કહી હાથ ચા કરી લીધા હતા. છેતરપિંડીનો જાણ થતાં યુવકે નાણાં પરત માગ્યા હતા. આરોપી રાહુલે માત્ર રૂ. ૨૦,૦૦૦ પરત કર્યા હતા, જ્યારે બાકીના રૂ. ૧,૧૦,૦૦૦ પરત આપ્યા નહોતા. બંને આરોપીએ વિઝા કે મેડિકલ કરાવ્યા વિના કુલ રૂ. ૧.૧૦ લાખની ઠગાઈ આચરતા યુવકે બંને વિઝા એજન્ટો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આમ વર્ક પરમીટના નામે વધુ બે લોકો છેતરાઇ ગયા હતાં.

### મોત ક્યારે ક્યાં ભેટી જાય તેનું નથી હોતું નક્કીઃ ચાર અપમૃત્યુની ઘટનાઓ

# હીંચકા ખાતી બાળા પર છજૂ પડતાં મોત

**એક યુવાને તળાવ કાંઠે જઇ ઝેર પી ભાઇને જાણ કરીઃ સારવારમાં રાજકોટ હોસ્પિટલમાં ખસેડાયો પણ જીવ ન બચ્યોઃ રેનબસેરામાં રહેતાં વૃધ્ધનું અને અટીકા પાસે રહેતાં આધેડનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ**

રાજકોટઃ હસતા રમતાં સાવ અચાનક જ કેટલાક બાળકો મુશીબતોને નોતરી બેસે છે. અનેક એવી ઘટનાઓ અગાઉ બની હતી જેમાં બાળકોને રમતાં રમતાં ગંભીર ઇજાઓ પહોંચી હતી અથવા તો મોત થયા હતાં. વધુ એક આવો બનાવ સામે આવ્યો હતો. જેમાં ઘરના છજામાં રાંઢવા-દોરડા બાંધી હીંચકા ખાઇ રહેલી બાર વર્ષની બાળાને છજુ તુટી પડતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. બીજી અપમૃત્યુની ઘટનામાં એક યુવાને તળાવના કાંઠે જઇ ઝેર પી મોત વ્હાલુ કર્યુ હતું. ઝેર પીધા બાદ તેને કુટુંબી ભાઇને જાણ કરતાં તેને તુરત સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ જીવ બચ્યો નહોતો. ત્રીજા બનાવમાં એક વૃધ્ધનું રેનબસેરામાં બેભાન થઇ ગયા બાદ મોત થયું હતું. ચોથા બનાવમાં એક આધેડ ઘરે બેભાન થઇ ગયા બાદ મોત થયું હતું.

પ્રથમ કરૂણ ઘટના જોઇએ તો જામકંડોરણાના ધોળીધારમાં બાર વર્ષની બાળા અને બીજા બાળકો ઘરની બહાર છજામાં દોરડા બાંધી હીંચકા ખાતા હતાં તે વખતે છજુ તૂટી પડતાં અને પેટના ભાગે પડતાં ગંભીર ઇજા થતાં આ બાળકીનું મોત થયું હતું. વધુ માહિતી અનુસાર જામકંડોરણા ધોળીધારમાં રહેતાં સલિમભાઇ નાથાભાઇ મકરાણીની દિકરી બાર વર્ષની દિકરી આરઝૂ સત્તરમીએ સાંજે પાંચેક વાગ્યે ઘરના છજામાં દોરડા બાંધી તેનો હીંચકો બનાવી તેમાં હીંચકા ખાતી હતી તે વખતે છજુ તૂટી પડતાં તે આરઝૂના પેટ ઉપર પડતાં ગંભીર ઇજા થઇ હતી.

આરઝૂને સારવાર માટે ગોંડલ ખાનગી હોસ્પિટલમાં અને બાદમાં એઇમ્સ હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી. વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મોડી રાતે મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જામકંડોરણા પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર આરઝૂ ત્રણ બહેન અને એક ભાઇમાં ત્રીજા નંબરે હતી અને ધોરણ-૮માં અભ્યાસ કરતી હતી. તેના પિતા સલિમભાઇ ખેતી કરી ગુજરાન ચલાવે છે. માતાનું નામ સાયરાબેન છે. બનાવની સાંજે બધા વડિલો



વાડીએ કામ કરતાં હતાં ત્યારે બાળકો ઘરે એકલા હોઇ છજામાં દોરડા બાંધી હીંચકો બનાવ્યો હતો. જેમાં હીંચકતી વખતે આ બનાવ બન્યો હતો. લાડકવાયી દિકરીના મોતથી મકરાણી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.

બીજી ઘટના જોઇએ તો તેમાં એક યુવાને આપઘાત કરી લીધો હતો. જામનગરમાં રહેતાં ૨૯ વર્ષના યુવાને લાખોટા તળાવના કાંઠે ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન રાજકોટમાં મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. તે ભાવનગર રહી નોકરી કરતો હતો અને અઠવાડીયાની રજા લઇ વતનમાં આવ્યો હતો. આ પછી તેણે આ પગલુ ભરી લીધુ હતું.

વધુ માહિતી અનુસાર જામનગરમાં ગુલાબનગરમાં રહેતાં ઓગણત્રીસ વર્ષના દિપેનભાઇ રમેશભાઇ કણઝારીયા નામના યુવાને ગઇકાલે સાંજે સાતેક વાગ્યે લાખોટા તળાવના કાંઠે જઇ ઝેરી દવા પી લીધી હતી. બાદમાં તેણે પિત્રાઇ ભાઇને ફોન કરીને પોતે ઝેર પી લીધુ છે, જિંદગીથી કંટાળી ગયો છેતેવી જાણ કરતાં કુટુંબીજનો ત્યાં દોડી ગયા હતાં.

દિપેનભાઇને જામનગર સારવાર અપાવી રાજકોટ ખસેડાયેલ. પરંતુ અહિ સારવાર કારગત ન નિવડતાં મૃત્યુ થતાં એ-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરી લેનાર દિપેનભાઇ બે ભાઇ અને બે બહેનામં નાનો અને અપરિણીત હતો. તે ભાવનગર રહી કંપનીમાં નોકરી કરતો હતો. તેને પથરી થઇ હોઇ અઠવાડીયાની રજા લઇ સારવાર માટે જામનગર આવ્યો હતો. પથરીના દુઃખાવાથી કંટાળીને આ પગલુ ભર્યુ કે કેમ? તે અંગે પરિવારજનો અજાણ હોઇ જામનગર પોલીસ વધુ તપાસ કરે છે. દિપેનભાઇના પિતા અને ભાઇ ઘર સાથે ઠંડાપીણાની દુકાન ચલાવે છે. યુવાન દિકરાના આ પગલાથી કણઝારીયા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પોલીસે સાચુ કારણ જાણવા તપાસ યથાવત રાખી હતી.

ત્રીજી અપમૃત્યુની ઘટના જોઇએ તો જુના ખટારા સ્ટેન્ડ નજીક મોચી બજાર પાસે રેનબસેરામાં રહેતાં નારણભાઇ લવજીભાઇ વસોયા નામના તોંતેર વર્ષના વૃધ્ધ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં એ-ડિવીઝન પોલીસના સ્ટાફે કાર્યવાહી કરી હતી. ચોથા બનાવમાં અટીકા ફાટક પાસે યોગેશ્વર સોસાયટી-૧૪માં રહેતાં માયારામ સોમઇ ગૌતમ નામના સુડતાલીસ વર્ષના આધેડ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. આમ ચાર ઘટનામાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવ્યા હતાં.

---

### અપમૃત્યુની ચાર ઘટનાઓ

# પરિવારનો માળો વેરણછેરણ બે મહિનામાં ત્રણ મૃત્યુ

**ગોપાલનગરના પરિવાર પર વજ્રઘાતઃ મોભીનું બિમારીથી મૃત્યુ થયા પછી પતિના વિયોગમાં પત્નિએ આઘપાત કર્યો, માતાના આપઘાતના બીજા જ દિવસે યુવાન પુત્રએ પણ ઝેર પી આપી દીધો જીવ**

રાજકોટઃ ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી જે સારા હોય છે એની દશા સારી નથી હોતી. ઘણીવાર કુદરત એવા એવા કુઠરાઘાત આપે છે કે તેમાંથી ઉભા થવું જે તે પરિવાર માટે ખુબ કપરૂ થઇ જતું હોય છે. ઓચીંતા અણધાર્યા વજ્રઘાતને કારણે જે તે હર્યાભર્યા પરિવારોના માળા વેરણછેરણ થઇ જતાં હોય છે. આવી જ એક કરૂણ ઘટના સામે આવી છે જેમાં શહેરના ગાયત્રીનગર રોડ પર ગોપાલનગરમાં રહેતાં પરિવાર પર વજ્રઘાત થયો છે. બે મહિનામાં જ આ પરિવારના ત્રણ સ્વજનોના મૃત્યુ થઇ જતાં પરિવાર વિખેરાઇ ગયો છે. આ બનાવમાં પતિના મૃત્યુના બે મહિના બાદ વિયોગમાં પત્નિએ આપઘાત કરી લીધો હતો. પિતા અને માતાના મોતના આઘાતમાં હવે યુવાન અને આધારસ્તંભ દિકરાએ પણ આપઘાત કરી લીધો હતો. માતા-પુત્રના બે દિવસમાં આપઘાતથી અરેરાટી વ્યાપી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ ગાયત્રીનગર રોડ પર આવેલા ગોપાલનગરમાં બની છે. જ્યાં બે મહિનામાં એક જ પરિવારના ત્રણ ત્રણ સ્વજનોના મૃત્યુ થતાં કાળો કલ્પાંત સર્જાયો છે. બે મહિના પહેલા ઘરના મોભીનું મૃત્યુ થયું હતું. તેમના વિયોગમાં બે દિવસ પહેલા ૧૭મીએ પત્નિે આપઘાત કરી લીધો હતો. તેમનું આવતીકાલે બેસણું રાખવામાં આવ્યું હોઇ એ પહેલા અઠ્ઠાવીસ વર્ષના કારખાનેદાર દિકરાએ ઝેરી પાવડર પી લેતાં તેનું આજે વહેલી સવારે મૃત્યુ થયું હતું. તેણે પિતા અને માતાના વિયોગમાં આ પગલુ ભર્યુ હતું.ગાયત્રીનગર મેઇન રોડ પર ગોપાલનગર-૧માં રહેતાં કરણભાઇ હિતેષભાઇ પરમાર નામના અઠ્ઠાવીસ વર્ષના લુહાર યુવાને ગોંડલ રોડ ચોકડી વિરાણી અઘાટ પાસે કામનાથ વે બ્રીજ સામે આવેલા પોતાના કારખાના ખાતે સેલ્ફોસ નામનો ઝેરી પાવડર પી લેતાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો.

પરંતુ આજે વહેલી સવારે તેણે દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં ભક્તિનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. વધુ માહિતી અનુસાર આપઘાત કરનાર કરણભાઇ બે ભાઇમાં મોટો અને અપરિણીત હતો. તેનાથી નાના ભાઇનું નામ સ્મીતભાઇ પરમાર છે. પોતે ભાઇ સાથે ગેસ વેલ્ડીંગના કારખાનામાં કામ કરી ગુજરાન ચલાવતો હતો. કરૂણતા એ છે કે કરણભાઇના પિતા ત્રેપન વર્ષના હિતેષભાઇ અમરશીભાઇ પરમારનું બે મહિના પહેલા તા. ૧૮-૬-૨૬ના રોજ બિમારીને કારણે અવસાન થયું હતું. મોભીના મોતથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

પતિ હિતેષભાઇના અવસાન પછી અડતાલીસ વર્ષના પત્નિ પારૂલબેન પરમાર સતત શોકમાં રહેતાં હતાં. આ દરમિયાન બે લ્દવસ પહેલા ૧૭/૮/૨૬ના રોજ પારૂલબેને પતિના વિયોગમાં ઘરે ઘઉંમા રાખવાનો પાવડર પી લેતાં તેમને સારવાર માટે દાખલ કરાયા હતાં. પરંતુ તેમનો જીવ બચ્યો નહોતો. બે મહિનામાં બબ્બે સ્વજનોની વિદાયથી પરમાર પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. પિતા બાદ માતાને પણ ગુમાવતાં મોટો પુત્ર કરણભાઇ ખુબ જ દુઃખી થઇ ગયો હતો. આજે ગુરૂવારે વીસમીએ તેના માતા પારૂલબેન પરમારનું બેસણું રખાયું હોઇ એ પહેલા આગલી સાંજે કરણભાઇએ પણ કારખાને સેલ્ફોસ પાવડર પી લેતાં સારવાર માટે દાખલ કરાયેલ.

પરંતુ તેનું બુધવારે સવારે મૃત્યુ થતાં પરમાર પરિવારજનો પર વજ્રઘાત થયો છે. કરણભાઇએ પિતા, માતાના વિયોગમાં આ પગલુ ભરી લીધાનું સગાએ જણાવ્યું હતું. આમ બે મહિનામાં જ એક જ પરિવારના માતા-પિતા અને યુવાન દિકરાના મૃત્યુને પગલે પરિવારજનો, સગા સંબંધીઓ અને પાડોશીઓમાં પણ ગમગીની વ્યાપી ગઇ છે. સૌથી નાના સ્મીતભાઇ પરમારે પિતા, માતા પછી હવે આધારસ્તંભ એવા મોટા ભાઇને પણ ગુમાવી દેતાં તે ઉંડા આઘાતમાં ગરક થઇ ગયો હતો. આ ઘટનાએ સમગ્ર લુહાર સમાજમાં પણ અરેરાટી ફેલાવી દીધી હતી.

---

### ખૂંટીયો આડે આવ્યો ને વાહન

# ફંગોળાયુ : બે મિત્રોને ઇજા

**રાજકોટ-નાગલપરના મિત્રોને જવું હતું અજમેર શરીફ પણ પહોંચ્યા હોસ્પિટલના ખાટલે**

રાજકોટઃ માર્ગ અકસ્માતની એક ઘટનામાં વધૂ એક વખત રોડ પર રઝળતો ઢોર અકસ્માતનું કારણ બન્યા છે. જેમાં કુવાડવા નજીકના નાગલપર પાસે રાત્રીના રોડ પર એકાએક ખૂંટીયો આવી જતાં તેની સાથે બાઇક અથડાતાં બાઇક પર બેઠેલા રાજકોટના તરફ આવવા નીકળ્યા ત્યારે ગામ નજીક જ રોડ પર ખૂંટીયો આડે આવી જતાં બાઇક સ્લીપ થઇ જતાં બંને મિત્રોને ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસડાયા છે. જેમાંથી આદિલને મોઢા પર વધુ ઇજા પહોંચી હોઇ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો છે.




યુવાન અતે નાગલપર રહેતાં તેના મિત્રને ગંભીર ઇજાઓ થતાં સારવાર માટે દાખલ થયા હતાં.

વિગતો અનુસાર દુધની ડેરી પાસે મનહર સોસાયટીમાં રહેતો ત્રીસ વર્ષનો સોહિલ મજીદભાઇ પરમાર અને નાગલપર રહેતો તેનો મિત્ર ત્રીસ વર્ષનો આદિલ ઇકબાલભાઇ શેખરાતે અગીયારેક વાગ્યે બાઇક પર બેસી નાગલપરથી રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશન સોહિલને પગમાં ફ્રેકચર જેવી ઇજા થઇ હતી. આ બંને મિત્રો ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. અજમેશ શરીફ જવાનું નક્કી થતાં સોહિલ બાઇક લઇને નાગલપર મિત્ર આદિલને તેડવા ગયો હતો. ત્યાંથી બંને જંકશન જવા નીકળ્યા ત્યારે બનાવ બન્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવની જાણ કુવાડવા રોડ પોલીસને કરી હતી.

---

### નાણા માટે ઘા ફડાકાની બની રહેલી ઘટનાઓ વચ્ચે મિત્રો વચ્ચે જામી પડી

# ટ્રાન્સપોર્ટરે હિસાબ માંગતા મિત્રએ પાનાના ઘા ફટકાર્યા

**ગોંડલ રોડ પર બાકાઝીકીઃ વૃધ્ધ લોહીલુહાણ થઇ ગયાઃ માલિયાસણ રહેતાં ભાગીદાર વિરૂધ્ધ દાખલ કરાવી એફઆઇઆર**

રાજકોટઃ મારામારીની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. અજાણ્યા તો અલગ અલગ કારણોસર બાખડી પડતાં હોય છે. પણ ઘણીવાર ભાઇબંધો પણ નાણા કે બીજા કારણોસર બાકાઝીકી બોલાવી દેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી હતી. જેમાં નાના મવા વિસ્તારમાં રહેતાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થીએ પોતાના જ ભાગીદાર મિત્ર માલિયાસણ રહેતાં શખ્સ પાસે ટ્રકની ભાગીદારીનો હિસાબ માંગતા તેણે વારંવાર બહાના બતાવ્યા બાદ છેલ્લે ગોંડલ રોડ પર આવી હિસાબ સમજી જવાનું કહી મિત્રને ત્યાં બોલાવી હિસાબ આપવાને બદલે ગાળો ભાંડી લોખંડના પાના ઘા ફટકારી દીધા લોહીલુહાણ કરી મુકતાં ટ્રાન્સપોર્ટરને હોસ્પિટલના ખાટલે પહોંચવાની નોબત આવી હતી.

વિગતો પર નજર કરીએ તો નાના મવા રોડ પર રહેતાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થીને માલીયાસણ રહેતાં તેના જ ભાગીદાર જુના મિત્રએ ભાગીદારીના ટ્રકના હિસાબ બાબતે વાત કરવા ગોંડલ રોડ પર રાજકમલ પંપ પાસે બોલાવી ગાળો દઇ લોખંડના રીંગ પાનાથી હુમલો કરી માથા, હાથમાં ઘા ફટકારી લોહીલુહાણ કરી નાંખતા ટ્રાન્સપોર્ટરને સારવાર લેવી પડી છે. આ બનાવમાં માલવીયાનગર પોલીસે સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાછળ નાના મવા મેઇન રોડ પર શ્યામકુંજ એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૧૦૩માં રહેતાં સાંઇઠ વર્ષના જીતેન્દ્રભાઇ લક્ષ્મણભાઇ અમૃતિયાની ફરિયાદ પરથી માલીયાસણ રહેતાં તેના જ જુના મિત્ર અને ભાગીદાર જશવંતભાઇ રાયસીંગભાઇ ખાંટ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

વધુ માહિતી અનુસાર જીતેન્દ્રભાઇ પરિવાર સાથે રહે છે અને વાવડીમાં પાટીદાર ટ્રાન્સપોર્ટ નામે પેઢી ચલાવે છે. તેણે



ફરિયાદમાં જણાવ્યું છે કે બે વર્ષ પહેલા માલીયાસણ રહેતાં મારા મિત્ર જશવંતભાઇ ખાંટ સાથે મેં ભાગીદારીમાં લેલાન્ડ કંપનીનો ટ્રક જીજે૦૩બીવી-૦૨૪૩ ચાલુ લોન પર લીધો હતો. ખરીદી વખતે આશરે ૧૧ લાખની લોન બાકી હતી ત. આ ટ્રક ભાગીદાર જશવંતભાઇ અને ડ્રાઇવર ચલાતા હતાં. ટ્રકની કામણીનો તમામ હિસાબ પણ જશવંતભાઇ રાખતા હતાં.

તેમણે આગળ જણાવ્યું હતું કે હું જ્યારે પણ હીસાબ માંગુ ત્યારે તે કાલાવાલા કરતાં હતાં. છએક મહિના પહેલા આ ટ્રકના આઠ હપ્તા બાકી હોઇ મેં તેને કહેલું કે આ ટ્રકની લોન પુરી કરીને આપણે વેંચી નાંખીએ. જેથી તેણે આવુ કરવાની ના પાડીહ તી. બાદ ૧૮મીએ મંગળવારે હું મારી ટ્રાન્સપોર્ટની ઓફિસે હતો ત્યારે સાંજે સાડા ચારેક વાગ્યે જશવંતભાઇનો ફોન આવ્યોહ તો અને કહ્યુ.હતું કે ગોંડલ રોડ પર રાજકમલ પંપ સામે બેડકો ટ્રાન્સપોર્ટ સામે આવો, આપે ગાડીનો હિસાબ સમજી લઇએ. આથી હું તરત ત્યાં જવા નીકળ્યો હતો. ત્યાં પહોંચતા જશવંતભાઇ હાજર નહોતાં. જેથી મેં ફોન કરતાં તે આવી ગયા હતાં. પણ હિસાબની વાત કરતાં જ તેણે ગાળાગળી ચાલુ કરી દીધી હતી.

આ પછી મેં ગાળો બોલવાની ના પાડતાં તેણે ઉશ્કેરાઇ જઇ લોખંડનું રીંગપાનુ મારા માથામાં અને કોણી પર ફટકારી ત્રણ ચાર ઘા મારી દીધા હતાં. માથામાંથી લોહી નીકળવા માંડ્યા હતાં. દેકારો થતાં જશવંતભાઇ ભાગી ગયેલ. બાદમાં મારા મિત્ર વિક્રમભાઇને ફોન કરતાં તે ૧૦૮ બોલાવી મને હોસ્પિટલે લઇ ગયા હતાં. જશવંતભાઇ પાસે ટ્રક-ગાડીનો હિસાબ માંગતા તેણે ખાર રાખી વાત કરવાના બહાને બોલાવી હુમલો કર્યો હતો. તેમ વધુમાં જીતેન્દ્રભાઇએ જણાવતાં માલવીયાનગરના પીએસઆઇ ડી. બી. ગાધેએ ગુનો નોંધી ઇન્સપેકટર જે. એમ. કૈલાના માર્ગદર્શનમાં ગુનો દાખલ કરી તપાસ આગળ ધપાવી હતી. આમ ટ્રાન્સપોર્ટરને ભાગીદાર મિત્ર પાસે હીસાબ માંગતા લોખંડના પાનાના ઘા મળ્યા હતાં.

---

### વ્યાજખોરીના દુષણને ડામવાના પોલીસના પ્રયાસો વચ્ચે વધુ એક ચોંકાવનારો કિસ્સો

# દર પંદર દિવસે ૪૦ હજાર વ્યાજઃ ખૂનની ધમકી-કાર પડાવી

**આજીડેમ પાસે રહેતાં કોન્ટ્રાક્ટરને વિજશોક લાગતાં કામ કરી શકતાં ન હોઇ નાણા વ્યાજે લેવા મજબૂર થયા અને ફસાયાઃ ચાર લાખ સામે એક લાખ વીસ હજાર ભર્યાઃ એક હપ્તો ચુકાઇ જતાં દાદાગીરી શરૂ થઇઃ આજીડેમ પોલીસે એફઆઇઆર નોંધી**

રાજકોટઃ શહેરમાં વ્યાજખોરોનો ત્રાસ અને બેફામ બનેલી દાદાગીરીનો વધુ એક સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કન્સ્ટ્રક્શનનું કામ કરતા અને વિજકરંટ લાગવાને કારણે શરીરમાં અનેક સમસ્યા ઉભી થઇ જતાં કામકાજ ન કરી શકતાં હોઇ આ યુવાન વ્યાજે નાણા લેવા મજબૂર થયા હતાં. પણ વ્યાજખોરે મજબૂરીનો લાભ ઉઠાવી ચાર લાખ વ્યાજે આપી તેની સામે દર પંદર દિવસે ચાલીસ હજાર રૂપિયાનું વ્યાજ વસુલવાનું ચાલુ કર્યુ હતું. હાલમાં આર્થિક હાલત ખરાબ હોઇ આ યુવાન વ્યાજ ન ભરી શકતાં આ શખ્સે ફોન પર સતત ગાળો અને ધમકીઓ આપવાનું ચાલુ કર્યુ હતુ અને છેલ્લે આ યુવાને તેના મિત્રને ફેરવવા આપેલી કાર પણ આ વ્યાજખોર અને એક શખ્સ પડાવી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં આજીડેમ પોલીસે આજીડેમ ચોકડી નજીક શ્રીરામ પાર્ક-૨માં રહેતાં હિતેષભાઇ ધીરૂભાઇ રાણપરીયા-પટેલ (ઉ.વ.૪૩)ની ફરિયાદ પરથી કોઠારીયા રોડ પર રામવન પાસે રાધે ક્રિષ્ના સોસાયટીમાં રહેતાં દેવરાજ સુખાભાઇ સોનારા અને અજાણ્યા સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હિતેશભાઇ ધીરૂભાઇ રાણપરીયા (પટેલ) અગાઉ કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા હતા. આશરે સાડા ત્રણેક વર્ષ પહેલાં તેમને ૧૧ કે.વી.ની વીજ લાઇનનો ભારે શોર્ટ લાગતા શરીરમાં ગંભીર તકલીફો ભી થઈ હતી, જેના કારણે તેઓ કામકાજ કરવા માટે અસમર્થ બન્યા હતા.




દરમિયાન તેમણે અગાઉ ખરીદેલી મારૂતિ અર્ટિગા કારજીજે૦૩એનકે૧૫૦૯ ઉપર બજાજ ફાઇનાન્સની સાડા અગિયાર લાખની લોન ચાલતી હતી. આવક બંધ થઈ જતાં હપ્તા ભરવા અશક્ય બનતા, તેમણે આ કાર પોતાના મિત્ર નારણભાઈ પોલાભાઈ ઝાંપડાને ચલાવવા આપી હતી અને નારણભાઈ તેના માસિક હપ્તા રૂ. ૧૭,૫૯૨ નિયમિત ભરતા હતા. ગત તા. ૦૫/૦૬/૨૦૨૬ ના રોજ હિતેશભાઈને પોતાની સારવાર-દવા તેમજ મકાનના દસ્તાવેજ માટે તાકીદે નાણાંની જરૂરિયાત ભી થઈ હતી. બેંકમાં સીબીલ સ્કોર ખરાબ હોવાના કારણે લોન મળી શકે તેમ ન હતી.

આથી પરિચિત ગૌરીબેન ચૌહાણ મારફતે તેમનો સંપર્ક કોઠારીયા રોડ, રામવન બાજુમાં રાધે ક્રિષ્ના સોસાયટીમાં રહેતા દેવરાજભાઈ સુખાભાઇ સોનારા સાથે થયો હતો. દેવરાજભાઈએ રૂ. ૪,૦૦,૦૦૦ની રકમ વ્યાજે આપવાનું નક્કી કર્યું હતું. શરત મુજબ દર ૧૫ દિવસે રૂ. ૪૦,૦૦૦ વ્યાજ ચુકવવાનું અને મુડી અલગથી આપવાની હતી. સિક્યુરિટીના નામે દેવરાજભાઈએ આઈસીઆઈસીઆઈ બેંકના બે સહી વાળા કોરા ચેક અને આ રૂપિયા હાથઉછીના પૈસા લીધા છે તેવું લખાણ કરાવી લીધું હતું. પ્રથમ વખતે જ રૂ. ૪૦,૦૦૦ વ્યાજ પેટે કાપીને હિતેશભાઈને માત્ર રૂ. ૩,૬૦,૦૦૦ હાથમાં આપવામાં આવ્યા હતા.

ત્યારબાદ હિતેશભાઈએ શરૂઆતમાં ૧૫-૧૫ દિવસના ગાળામાં બે વખત રૂ. ૪૦-૪૦ હજાર મળીને કુલ રૂ. ૮૦,૦૦૦ વ્યાજ પેટે ચૂકવી આપ્યા હતા. આમ કાપી લીધેલ રકમ સાથે કુલ રૂ. ૧,૨૦,૦૦૦ વ્યાજ ચૂકવાઈ ગયું હતું. પરંતુ એક મહિના પહેલાં આર્થિક પરિસ્થિતિ વધુ વણસતાં તેઓ નિયત દિવસે વ્યાજનો હપ્તો ભરી શક્યા ન હતા. હિતેશભાઈએ ફોન પર પોતાનું મકાન વેચાઈ જાય એટલે તમામ નાણાં ચૂકવી દેવાની ખાતરી આપી આજીજી કરી હતી. પરંતુ વ્યાજખોર દેવરાજભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને બેફામ ગાળો આપી મારા પૈસા અત્યારે જ આપ કહી દબાણ કરવા લાગ્યા હતા. બાદમાં તા. ૨૧/૦૭/૨૦૨૬ ના રોજ ફોન કરી જો પૈસા નહીં આપે તો તને મારી નાખીશ, હું આયરના પેટનો નહી કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

દરમિયાન તા. ૧૮/૦૮/૨૦૨૬ ના રોજ બપોરના આશરે અઢી વાગ્યે હિતેશભાઈ બહાર હતા ત્યારે તેમના મિત્ર નારણભાઈનો ફોન આવ્યો હતો. નારણભાઈએ જણાવ્યું કે, તેમની અર્ટિગા કાર લઈને ડ્રાઇવર શેખર રામવન પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે દેવરાજભાઈ સોનારા અને તેની સાથેનો એક અજાણ્યો શખ્સ આવી પહોંચ્યા હતા. બંને શખ્સોએ ડ્રાઇવર શેખરને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, મોતનો ભય બતાવી અર્ટિગા કાર બળજબરીપૂર્વક ઝૂંટવી લીધી હતી.

નારણભાઈએ વ્યાજખોર સાથે વાત કરવાનોપ્રયાસ કરતા તેને પણ 'વચ્ચે પડશો તો માથાકૂટ થશે તેમ કહી ધમકાવ્યો હતો અને કોન્ફરન્સ કૉલમાં હિતેશભાઈ પાસે પણ બળજબરીથી ઉઘરાણી કરી દાદાગીરી ચાલુ રાખી હતી. મજબૂર અને લાચાર બની ગયેલા હિતેશભાઈ રાણપરીયાએ આખરે હિંમત ભેગી કરી પોલીસ સ્ટેશન પહોંચી આપવીતી વર્ણવી હતી. પોલીસે આરોપી દેવરાજભાઈ સુખાભાઈ સોનારા અને તેની સાથેના અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ઉંચુ વ્યાજ વસૂલવા, બળજબરીથી વાહન પડાવી લેવા ગાળો ભાંડવા તથા જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ગુનો દાખલ કર્યો હતો. ઇન્સપેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઇ ડી. કે. ધાંધલાએ તપાસ હાથ ધરી હતી.



# પ્રજાના નાણાંનો અટકશે વેડફાટ

## મનપા સ્ટેન્ડિંગમાં ૧૧ વર્ષે મોંઘા ડીઝલ ખરીદીમાંથી મુક્તિ અને બગીચાની અધકચરી દરખાસ્ત રદ

રાજકોટ, તા. ૧૯

રાજકોટ મહાનગરપાલિકાના આર્થિક વહીવટમાં પ્રજાના પરસેવાની કમાણીમાંથી કરોડો રૂપિયાનો બિનજરૂરી વેડફાટ થાય છે તે વાતમાં હવે શંકાને કોઈ સ્થાન નથી. તંત્રના ભંભાખાના જેવા વહીવટના કારણે છેલ્લા ૧૧ વર્ષથી મહાનગરપાલિકાના વાહનો માટે મોંઘાદાટ 'કન્ઝ્યુમર રેટ'થી જ ડીઝલની ખરીદી કરવામાં આવતી હતી. આ સમયગાળા દરમિયાન મનપા દ્વારા કુલ ૧ કરોડ ૩૮ લાખ ૬૦ હજાર લીટર ડીઝલની ખરીદી પાછળ રૂ. ૧ અબજ ૮૮ કરોડ ૧૧ લાખનો ધુમાડો કરી નાખવામાં આવ્યો હતો.

હાલની સ્થિતિની સરખામણી કરીએ તો ડીઝલનો પ્રતિ લીટર બજારભાવ (રિટેલ રેટ) રૂ. ૯૨.૯૨ છે, જેની સામે મહાનગરપાલિકા અત્યાર સુધી રૂ. ૧૩૫.૯૮ના કન્ઝ્યુમર ભાવથી ડીઝલ ખરીદતી હતી. આટલા વર્ષોના માતબર નાણાકીય નુકસાન બાદ આખરે તંત્રને બુદ્ધિનું અજવાળું થયું કે કન્ઝ્યુમર રેટ કરતાં રિટેલ રેટ ધરખમ સસ્તો પડે છે. નવી બોડીએ શાસન સંભાળ્યા બાદ હાથ ધરેલી કરકસરની કવાયતના ભાગરૂપે પોતાના પંપમાંથી થતી મોંઘી ખરીદી બંધ કરી બજારભાવે ડીઝલ લેવા માટે સ્ટેન્ડિંગ કમિટીએ કમિશનરને પ્રસ્તાવ મોકલ્યો હતો.

સરકારના જૂના પરિપત્ર મુજબ ચાલતી આ મોંઘી ખરીદી બંધ કરવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં મેસર્સ શિવાય ફ્યુલ નામના ડીલરે બજારભાવ કરતાં પણ ૭૨ પૈસા પ્રતિ લીટર નીચા ભાવે ડીઝલ આપવાની ઓફર કરી હતી. આથી, વર્તમાન બજારભાવ મુજબ રૂ. ૯૭.૯૨ના દરથી ડીઝલ ખરીદવા માટે એજન્સીનો કોન્ટ્રાક્ટ મંજૂર કરવાની દરખાસ્તને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળિયાએ મંજૂરીની મહોર મારી હતી. બીજી તરફ, શહેરના સેન્ટ્રલ ઝોનના વિવિધ વિસ્તારોમાં આવેલા બગીચાઓ અને બાલક્રીડાંગણોની એક વર્ષ માટેની નિભાવ અને જાળવણી માટે રૂ. ૧ કરોડ ૨૯ લાખના ખર્ચની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવી હતી. જોકે, આ દરખાસ્તમાં સમારકામ અને જાળવણી કઈ રીતે કરવામાં આવશે તેની કોઈ ઊંડાણપૂર્વકની કે સ્પષ્ટ માહિતી આપવામાં આવી નહોતી. વિગતો અધકચરી હોવાથી સ્ટેન્ડિંગ ચેરમેન પરેશભાઈ પીપળિયાએ આ દરખાસ્ત પર નિર્ણય લેવાનું અટકાવી તેને પરત ધકેલી દીધી હતી.

### મંજૂર કરાયેલી અન્ય મહત્વની દરખાસ્તો

- **સોલિડ વેસ્ટ પ્રોજેક્ટ :** સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટની વિવિધ કામગીરી માટે ₹૧.૧૧ કરોડના ખર્ચે નિષ્ણાત સલાહકાર (કન્સલ્ટન્ટ) ની નિમણૂક કરવામાં આવશે.
- **સ્ટોર્મ વોટર પાઈપલાઈન :** વોર્ડ નં. ૧૮ માં આવેલા ઓમ રેસિડેન્સી વિસ્તારથી પાણીના નિકાલ અર્થે ₹૨.૮૦ કરોડના ખર્ચે નવી સ્ટોર્મ વોટર પાઈપલાઈન નાખવામાં આવશે.
- **જીજાબાઈ મહિલા સ્વિમિંગ પૂલ :** મહિલાઓ માટેના જીજાબાઈ સ્વિમિંગ પૂલના આગામી બે વર્ષના મેન્ટેનન્સ અને સંચાલન ખર્ચની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી.
- **ક્લોરીન કન્ટેનર ટ્રાન્સપોર્ટેશન :** રાજકોટ-બરોડા-રાજકોટ વચ્ચે પાણીના શુદ્ધિકરણ માટે વપરાતા ક્લોરીન કન્ટેનરના પરિવહન (ટ્રાન્સપોર્ટેશન) અર્થે ₹૧.૮૪ કરોડ ફાળવાયા.
- **પોપટપરા ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન :** પોપટપરા ખાતે આવેલા ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનની સુચારુ જાળવણી અને મેન્ટેનન્સ કામગીરી માટે ₹૨.૭૬ કરોડ મંજૂર કરાયા.
- **ફાયર બ્રિગેડ - ડાયલ ૧૧૨ ઈન્ટિગ્રેશન :** ઈમરજન્સી પ્રતિસાદ વધુ ઝડપી બનાવવા ફાયર વિભાગની સેવાઓને 'ડાયલ-૧૧૨' સાથે જોડવા ₹૨.૭૬ કરોડના ખર્ચે સ્પેશિયલાઈઝ્ડ એજન્સી રોકવાની પ્રક્રિયા હાથ ધરાશે.

### રેસકોર્સનું તારા મંડળ PPP ધોરણે વિકસાવાશે

રેસકોર્સ સંકુલમાં સ્વિમિંગ પૂલ પાસે આવેલું લોક વિજ્ઞાન કેન્દ્ર (તારા મંડળ) લાંબા સમય સુધી ખાનગી સંસ્થાના હવાલે રહ્યા બાદ યોગ્ય જાળવણીના અભાવે હાલ અત્યંત બિસ્માર અને ખંઢેર હાલતમાં ફેરવાઈ ગયું છે. તારા મંડળને ફરીથી સજીવન કરવા માટે તંત્ર દ્વારા ₹૧.૨૪ કરોડના ખર્ચનું અંદાજપત્ર તૈયાર કરી સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મંજૂરી અર્થે મૂકવામાં આવ્યું હતું. સ્ટેન્ડિંગ કમિટીએ રૂ. ૧.૨૪ કરોડનો ખર્ચ મંજૂર કરવાની દરખાસ્ત નામંજૂર કરી છે. હવે આ પ્રોજેક્ટને 'પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ' મોડથી તૈયાર કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખાનગી એજન્સીઓ માટે ૪ મહિનાની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. જો આ સમયગાળામાં કોઈ એજન્સી રસ નહીં દાખવે, તો ત્યારબાદ આગળની કાર્યવાહી અંગે વિચારણા કરવાનો ઠરાવ કરાયો છે.

# ૨૫૦૦ કરોડનું અધધધ એસ્ટિમેટ જોઈ સરકાર ચોંકી

## રાજકોટ-આટકોટ સિક્સલેન હાઈવેની દરખાસ્ત રદ, નવેસરથી પ્રક્રિયા હાથ ધરાશે



રાજકોટ, તા. ૧૯

રાજકોટ-ભાવનગર હાઈવે પર રાજકોટ જિલ્લા માર્ગ અને મકાન વિભાગની હદમાં આવતા રાજકોટથી આટકોટ સુધીના ૪૫ કિ. મી.ના રસ્તાને સિક્સલેન બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૨૫૦૦ કરોડનું અંદાજપત્ર (એસ્ટિમેન્ટ) તૈયાર કરવામાં આવ્યું હતું. જમીન સંપાદન સહિતની કામગીરી માટે એક કિલોમીટરે રૂ. ૫૫.૫૫ કરોડ જેવી જંગી રકમનો ખર્ચ અંદાજાતા આંકડો જોઈને રાજ્ય સરકાર પણ ચોંકી ઉઠી હતી. પરિણામે સરકારે આ દરખાસ્તને તાત્કાલિક અસરથી રદ કરી દીધી છે.

રાજકોટની આજીડેમ ચોકડીથી આટકોટ વચ્ચે વાહનચાલકોની સુવિધા માટે સરધાર અને આટકોટ ખાતે ૨ નવા બાયપાસ બનાવવાનું આયોજન હતું. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સંપૂર્ણ ડીપીઆર (ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ) મંજૂરી અર્થે ગાંધીનગર મોકલવામાં આવ્યો હતો. પરંતુ, આટલી મોટી રકમનો ખર્ચ મંજૂર કરવાનો ઈનકાર કરીને સરકારે નવેસરથી ટેન્ડરિંગ અને ડીપીઆર તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. હવે આ સમગ્ર પ્રક્રિયા શૂન્યથી ફરી શરૂ થશે. રાજકોટ-આટકોટ હાઈવે અત્યંત બિસ્માર હાલતમાં હોવાથી સતત ગંભીર અકસ્માતો સર્જાઈ રહ્યા છે અને આ રોડ 'એક્સિડન્ટ ઝોન' બની ગયો છે. સિક્સલેન પ્રોજેક્ટમાં વિલંબ થતાં વાહનચાલકોને કામચલાઉ રાહત આપવા રૂ. ૧૯૩ કરોડના ખર્ચે રીકાર્પેટિંગ કરવાનું નક્કી કરાયું છે. જોકે, આ રીકાર્પેટિંગના ટેન્ડરની મંજૂરી પણ હજુ રાજ્ય સરકાર તરફથી મળવાની બાકી છે.

### વાહનચાલકોએ હજુ એક વર્ષ સુધી ખરાબ રસ્તા અને ટ્રાફિકની યાતના ભોગવવી પડશે

રીકાર્પેટિંગની મંજૂરી મળ્યા બાદ પણ આ કામગીરી આગામી દિવાળી પછી જ શરૂ થઈ શકશે. રીકાર્પેટિંગ પૂર્ણ થતા અંદાજે ૧૧ મહિનાનો સમય લાગશે. આ પરિસ્થિતિ જોતાં રાજકોટથી ભાવનગર અને અમરેલી તરફ જતા વાહનચાલકોને હજુ ઓછામાં ઓછું એક વર્ષ સુધી બિસ્માર રસ્તા, ખરાબ ટ્રાફિક અને અકસ્માતના જોખમ વચ્ચે જ મુસાફરી કરવા મજબૂર બનવું પડશે.

### ૧૯૩ કરોડના રીકાર્પેટિંગ માટે પણ સરકારી મંજૂરીની રાહ

રાજકોટ-આટકોટ હાઈવે અત્યંત બિસ્માર હાલતમાં હોવાથી સતત ગંભીર અકસ્માતો સર્જાઈ રહ્યા છે અને આ રોડ 'એક્સિડન્ટ ઝોન' બની ગયો છે. સિક્સલેન પ્રોજેક્ટમાં વિલંબ થતાં વાહનચાલકોને કામચલાઉ રાહત આપવા રૂ. ૧૯૩ કરોડના ખર્ચે રીકાર્પેટિંગ કરવાનું નક્કી કરાયું છે. જોકે, આ રીકાર્પેટિંગના ટેન્ડરની મંજૂરી પણ હજુ રાજ્ય સરકાર તરફથી મળવાની બાકી છે.

# B.Com સેમ-૨ના પરિણામમાં છબરડા

## ૫૦% વિદ્યાર્થીઓ નાપાસ થતાં વિરોધનો વંટોળ




રાજકોટ, તા. ૧૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા ઇ.ઈજ્ઞળ સેમેસ્ટર-૨ના પરિણામ બાદ મોટો વિવાદ ઊભો થયો છે. ગત એપ્રિલ મહિનામાં લેવાયેલી આ પરીક્ષાનું પરિણામ સાડા ત્રણ મહિનાના લાંબા સમયગાળા બાદ જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ પરિણામ સામે આવતા જ મૂલ્યાંકન કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે અને વિદ્યાર્થીઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. આ પરીક્ષામાં અંદાજે ૧૭,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જાહેર થયેલા પરિણામમાં મુખ્ય વિષયો જેવા કે 'બિઝનેસ એકાઉન્ટીંગ' અને 'ફાઈનાન્સિયલ એકાઉન્ટીંગ'માં લગભગ ૫૦ ટકા જેટલા વિદ્યાર્થીઓને નાપાસ જાહેર કરવામાં આવ્યા છે. પરિણામમાં સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે અન્ય તમામ વિષયોમાં ૭૦થી વધુ માર્ક્સ મેળવનાર તેજસ્વી (ટોપર્સ) વિદ્યાર્થીઓને પણ આ બે વિષયોમાં નાપાસ કરવામાં આવ્યા છે.

પરિણામમાં આવી ક્ષતિઓ સામે આવ્યા બાદ અધ્યાપકો દ્વારા કરવામાં આવેલા પેપર ચેકિંગ સામે આંગળી ચિંધાઈ રહી છે. આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે મૂલ્યાંકન કામગીરીમાં ગંભીર બેદરકારી દાખવીને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવ્યા છે. પરિણામોમાં રહેલી મોટી વિસંગતતાઓને કારણે પરીક્ષા નિયામક અને યુનિવર્સિટીના વહીવટી તંત્રની કામગીરી શંકાના ઘેરામાં આવી ગઈ છે. જો યુનિવર્સિટી પ્રશાસન દ્વારા તાત્કાલિક યોગ્ય નિર્ણય લઈને વિદ્યાર્થીઓને ન્યાય આપવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં અચોક્કસ મુદતની ભૂખ હડતાલ શરૂ કરવાની સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

### કોંગ્રેસની ચીમકી 'પરિણામ રદ કરો, નહીંતર ભૂખ હડતાલ'

- B.Com સેમેસ્ટર-૨ના પરિણામમાં સામે આવેલા ગોટાળા અને ગંભીર બેદરકારી સામે કોંગ્રેસના ઝોનલ પ્રવક્તાએ યુનિવર્સિટી પ્રશાસન સામે મોરચો માંડ્યો છે. તેમણે વિદ્યાર્થીઓના ભવિષ્યની સુરક્ષા માટે પ્રશાસન સમક્ષ મુખ્ય બે માગણીઓ મૂકી છે.
- પરિણામ તાત્કાલિક રદ કરો : હાલનું વિવાદિત પરિણામ રદ કરી, તમામ પેપરોનું યોગ્ય રીતે પુનઃમૂલ્યાંકન (Re-evaluation) કરીને નવું પરિણામ જાહેર કરવામાં આવે.
- દોષિત અધ્યાપકો સામે કડક કાર્યવાહી : પેપર ચેકિંગમાં બેદરકારી દાખવનાર અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય રોળનાર અધ્યાપકો સામે દંડ તેમજ સજાત્મક પગલાં લેવામાં આવે.

### યુનિવર્સિટી પ્રશાસનની સંભવિત કાર્યવાહી

- આંતરિક સમીક્ષા : સામાન્ય રીતે આવા મોટા પાયે પરિણામોમાં વિસંગતતા કે વિરોધ ઊભો થાય ત્યારે યુનિવર્સિટી દ્વારા પરિણામની સમીક્ષા માટે ખાસ બોર્ડ ઓફ સેમ-એક્ઝામિનર્સની બેઠક બોલાવવામાં આવે છે.
- ગ્રેસિંગ અથવા પુનઃતપાસનો નિર્ણય : જો અધ્યાપકોની ગંભીર બેદરકારી સામે આવશે, તો યુનિવર્સિટી દ્વારા ખાસ કિસ્સામાં મફત પુનઃમૂલ્યાંકન અથવા માર્ક્સ સુધારણા માટેનો નિર્ણય લેવો પડી શકે છે.

# રાજકોટ ભાજપ-કોંગ્રેસના કોર્પોરેટરોએ પૂછ્યા ૪૨ પ્રશ્નો

## મનપાનું ગાજસે જનરલ બોર્ડ : કોંગ્રેસના તમામ ૭ સભ્યોએ શહેરના પ્રજાકીય અને ધગધગતા મુદ્દાઓ પર પ્રશ્નો પૂછ્યા

રાજકોટ, તા. ૧૯

રાજકોટ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ આવતીકાલે તા. ૨૦ના રોજ સવારે ૧૧ કલાકે મેયર ડો. નેહલ શુકલના અધ્યક્ષસ્થાને મળશે. આ બોર્ડમાં ભાજપ અને કોંગ્રેસના ૧૮ કોર્પોરેટરો દ્વારા કુલ ૪૨ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. કોંગ્રેસના તમામ ૭ સભ્યોએ ડહોળા પાણી, ખરાબ રસ્તા, પ્રદૂષિત પાણીનું વિતરણ અને આજી નદીની સફાઈ જેવા પ્રજાકીય ધગધગતા પ્રશ્નો ઉઠાવ્યા હોવાથી બોર્ડ સાંજ સુધી ચાલે અને અધિકારીઓની બરાબરની ખબર લેવાય તેવા સંકેતો મળી રહ્યા છે.

બેઠકમાં પહેલો પ્રશ્ન ભાજપના સંજયભાઈ ચાવડાનો છે, જેમાં તેમણે ઇલ્લ્રૂજ બસ સેવા, કોર્પોરેશનના વકીલોની સંખ્યા, પડતર કેસ અને ફી અંગે વિગતો માંગી છે. ત્યારપછી તરત જ બીજા ક્રમે કોંગ્રેસના વોર્ડ નં. ૧૫ના કોર્પોરેટર મકબુલ દાઉદાણીના પ્રશ્નો છે. તેમણે આજી નદીમાંથી ગાંડીવેલ કાઢવાની કામગીરી, વર્ષ ૨૦૧૨થી આજી રિવરફ્રન્ટ જાહેર કરાયા બાદ અત્યાર સુધી થયેલો ખર્ચ, ખરીદાયેલા સાધનોની યાદી, છેલ્લા છ માસની ઝડ બાંધકામ સહિતના વિભાગોની કામગીરી તેમજ તમામ વોર્ડમાં રાત્રી સફાઈ અને સ્વીપર મશીન દ્વારા રસ્તાની સફાઈના કોન્ટ્રાક્ટની વિગતો પૂછી છે. કોંગ્રેસના ૧૦૦ ટકા કોર્પોરેટરોએ પ્રજા વતી ૧૮ સવાલો રજૂ કર્યા છે.

અન્ય પ્રશ્નોમાં સુધાબા વાઘેલાએ છેલ્લા બે મહિનામાં નોંધાયેલા પાણીજન્ય રોગોના આંકડા તથા વરસાદના કારણે ધોવાઈ ગયેલા રસ્તાઓ અને તેના રિપેરિંગ ખર્ચની માહિતી માંગવામાં આવી છે. મનીષાબેન રોજાસરાએ સિટી બસ સેવા, ડ્રાઈવરોની અછત, તેમના



લાયસન્સ, વીમા અને PUC અંગે સવાલો કર્યા છે. આ ઉપરાંત અર્જુનભાઈ ચૌહાણે ટીપરવાનના કર્મચારીઓને લઘુત્તમ વેતન મુજબ સમયસર પગાર મળે છે કે નહીં, મનપા કલ્યાણ યોજનાના લાભાર્થીઓ અને ડસ્ટબિન વિતરણની વિગતો પૂછી છે.

દિપ્તીબેન સોલંકીએ ૧ એપ્રિલ ૨૦૨૬થી આજ સુધી લેવાયેલા પાણીના નમૂના, તેના ટેસ્ટિંગ રિપોર્ટ, નાપાસ થયેલા સેમ્પલ વાળા વિસ્તારોના નામ, ડહોળા પાણી માટે વોટર વર્ક્સ કે વોટર મેનેજમેન્ટ અધિકારીઓની જવાબદારી નક્કી કરવા તથા અટલ સરોવર પાછળ થયેલા ખર્ચની વિગતો માંગી છે. ઈબ્રાહીમભાઈ સોરાએ નદી કાંઠે ડિમોલિશન બાદ કાટમાળ ઉપાડવાના ટેન્ડર અને ઝડ રોડ અંગે તેમજ રસીલાબેન ગરૈયાએ આજી નદીની વાર્ષિક સફાઈનો ખર્ચ અને રામવનને લગતા પ્રશ્નો પૂછ્યા છે.

### બીજા ક્રમે વોર્ડ નં. ૧૫ના કોર્પોરેટર મકબુલ દાઉદાણીના ત્રણ સવાલો છે

- આજી નદીમાંથી ગાંડીવેલ કાઢવા માટે થયેલી કાર્યવાહી.
- વર્ષ ૨૦૧૨માં આજી રિવરફ્રન્ટ જાહેર કરાયાથી આજ સુધી થયેલો ખર્ચ, કામગીરી અને ખરીદવામાં આવેલા સાધનોની યાદી.
- છેલ્લા છ માસ દરમિયાન ઝડ બાંધકામ સહિતની તમામ શાખાઓની કામગીરીની વિગતો.
- તમામ વોર્ડમાં રાત્રી સફાઈ, સ્વીપર મશીન કે સ્ટ્રીટ સ્વીપર દ્વારા રોડ સફાઈના કોન્ટ્રાક્ટની માહિતી.

### દૂષિત પાણી અને રસ્તાની બિસ્માર હાલત અંગે દિપ્તીબેન સોલંકીના સવાલો

- પાણીના નમૂના અને ટેસ્ટિંગઃ ૧ એપ્રિલ ૨૦૨૬થી આજ સુધી લેવાયેલા પાણીના સેમ્પલ, તેના ટેસ્ટિંગ રિપોર્ટ અને નાપાસ થયેલા નમૂનાવાળા વોર્ડ તથા વિસ્તારના નામ.
- ગંદુ પાણી અને જવાબદારીઃ નર્મદાનું પાણી મળવા છતાં ડહોળું પાણી કેમ આવે છે, તેનો ઉપાય શું કરાયો, અને અશુદ્ધ પાણીથી લોકો બીમાર પડે તો તેની જવાબદારી વોટર વર્ક્સ કે વોટર મેનેજમેન્ટ અધિકારીઓની ગણાય કે નહીં?
- અન્ય વિગતોઃ વરસાદી નુકસાન અને અટલ સરોવર પાછળ થયેલા ખર્ચની વિગતો.